

"પૂજ્ય ગુરુદેવશ્રી દ્રવ્યદૃષ્ટિની વાત કેટલી નિઃશંકતાથી જોરદાર કરે છે! તેથી તેમનું તીર્થંકરનું દ્રવ્ય નક્કી થાય છે. વર્તમાનમાં કેટલો પ્રભાવ દેખાય છે. દ્રવ્યદૃષ્ટિનો વિષય આવે ત્યારે ઊછળી જાય છે."

—પ્રશમમૂર્તિ પૂજ્ય બહેનશ્રી

કહાન સં. ૧૫ સં. ૨૦૫૧ (૬૨૧) ✻ આત્મધર્મ ✻ (અંક-૧ ૧૫-૫૩) વીર સં. ૨૫૨૧ જુલાઈ, ૧૯૯૫

## 卐 આગમ-મહાસાગરનાં અણમૂલાં રત્નો 卐

* પરમાત્મતત્ત્વના પ્રતિપાદક શાસ્ત્રના માત્ર એક જ વચન વડે પણ જે સારભૂત આત્મતત્ત્વને જાણે છે તે તો શાસ્ત્રસમુદ્રનો પાર પામશે; પણ બીજા આત્મજ્ઞાન વગર દિનરાત ભણીને થાકી જાય તોપણ શાસ્ત્રનો કે ભવનો પાર નહિ પામે. ૪૨૧. (શ્રી નેમીશ્વર-વચનામૃત શતક, શ્લોક-૪૯)

* "મારું એમ મંતવ્ય છે કે — આત્મા જુદો છે અને તેની પાછળ પાછળ જનારું કર્મ જુદું છે; આત્મા અને કર્મની અતિ નિકટતાથી જે વિકૃતિ થાય છે તે પણ તેવી જ રીતે (આત્માથી) જુદી છે; વળી કાળ-ક્ષેત્રાદિક જે છે તે પણ (આત્માથી) જુદાં છે. નિજ નિજ ગુણકળાથી અલંકૃત આ બધુંય જુદે જુદું છે (અર્થાત્ પોતપોતાના ગુણો અને પર્યાયોથી યુક્ત સર્વ દ્રવ્યો અત્યન્ત જુદે જુદાં છે)." ૪૨૨.

(શ્રી પદ્મનંદિ આચાર્ય, પદ્મનંદી પંચવિંશતિ, એકત્વ સપ્તતિ, શ્લોક-૭૯)

* નરભવ કાંઈ સદા તો રહે નહિ, સાક્ષાત્ મોક્ષસાધન જ્ઞાનકળા આ ભવ વિના અન્ય જગ્યાએ ઊપજતી નથી. માટે વારંવાર કહીએ છીએ કે—નિજબોધકળાના બળ વડે નિજસ્વરૂપમાં રહો. નિરંતર એ જ યત્ન કરો. આવું વારંવાર કહેવું તો બાળક પણ ન કરાવે. તમે તો અનંત જ્ઞાનના ધણી બની, આવી ભૂલ ધારો છો એ જોઈ મોટું અચરજ આવે છે. ૪૨૩. (શ્રી દીપચંદજી, અનુભવપ્રકાશ, પાનું-૩૮)

* હે પંડિત! જૈસે લોહેકી સાંકલકો તૂ સાંકલ સમજતા હૈ ઉસી તરહ તૂ સોનેકી સાંકલકો ભી સાંકલ હી સમજ. જો શુભ-અશુભ દોનોં ભાવોંકા પરિત્યાગ કર દેતે હૈં, નિશ્ચયસે વે હી જ્ઞાની હોતે હૈં. ૪૨૪.

(શ્રી યોગીન્દ્રદેવ, યોગસાર, ગાથા-૭૨)

કહાન
સંવત-૧૫
વર્ષ-૫૨
અંક-૧
[ ૬૨૧ ]

વીર
સંવત
૨૫૨૧
સં. ૨૦૫૧
JULY
A. D. 1995




શાશ્વત સુખનો માર્ગ દર્શાવતું માસિક પત્ર

# * કર્તા-કર્મ-ક્રિયાનું સ્વરૂપ *

[ શ્રી નાટક સમયસાર શાસ્ત્ર ઉપર પરમ પૂજ્ય ગુરુદેવશ્રીનું પ્રવચન ]

[ સળંગ પ્રવચન નં. ૩૭ ]

આ શ્રી નાટક સમયસાર શાસ્ત્ર ચાલે છે. તેમાં બીજા અજીવ અધિકારના સારનો બીજો પેરેગ્રાફ છે. પાના નં. ૬૫ છે.

શરીર અને રાગાદિ આત્માથી જુદાં છે એમ અનુભવ કરવો તે ધર્મ છે...

તમે શરીરમાં કયાંય ચિમટીથી દબાવશો તો તમને જણાશે કે આપણને દબાવવામાં આવેલ છે—આપણને દુઃખનું જ્ઞાન થયું છે. બસ, આ જાણવાની શક્તિ રાખનાર જીવ છે તે જ તમે છો. તમે ચૈતન્ય છો, નિત્ય છો, આત્મા છો. જે જાણવાવાળો છે તે જ જીવ છે. આ જીવ નિત્ય અને ચૈતન્યમય છે. આમ, અહીં આત્માની સિદ્ધિ કરી. હવે પુદ્ગલદ્રવ્યની સિદ્ધિ કરે છે.

આત્મા સિવાય બીજો એક પદાર્થ જેને તમે ચિમટીથી દબાવ્યો છે તે નરમ જેવો, કાંઈક મેલો કાળા જેવો, ખારા જેવો, કાંઈક સુગંધ-દુર્ગંધવાળો જણાય છે તેને શરીર કહેવાય છે કે જે પુદ્ગલ છે—જડ છે, અચેતન છે, નાશવાન છે અને જીવથી જુદો પરપદાર્થ છે.

આમાં નરમ જેવો કહીને શરીરનો સ્પર્શ, કાંઈક મેલો કાળા જેવો કહીને રંગ, ખારો રસ અને સુગંધ-દુર્ગંધ દ્વારા ગંધ ગુણને બતાવ્યો છે. આ ખાલી ભાષા નથી,

વસ્તુનું સ્વરૂપ છે તે સમજાવવાનો હેતુ છે. જે કાંઈ પણ થાય તેને જાણનારો છે તે જીવ છે અને તેના સિવાય સ્પર્શ, રસાદિવાળો પદાર્થ છે તે શરીર છે કે જે જડ છે, અચેતન છે, નાશવાન અને પર છે. જીવ અને શરીરનો સ્વભાવ પરસ્પર વિરુદ્ધ છે. આત્મા ચેતન છે તો શરીર જડ છે, આત્મા નિત્ય છે તો શરીર નાશવાન છે. આત્મા સ્વ છે તો શરીર પરપદાર્થ છે.

આમ, આત્મસ્વભાવથી શરીર ભિન્ન છે. બંનેનાં પદ અર્થાત્ ભાવ ન્યારા ન્યારા છે. છતાં અજ્ઞાની જીવ શરીરથી કેવો એકમેક થયો છે કે ચિમટીથી કોઈ દબાવે તો જાણે હું દબાઉં છું એમ એને લાગે છે. ખરેખર જીવ દબાતો નથી પણ શરીર દબાતાં એને અણગમો થાય છે તેને જાણનાર છે તે આત્મા છે. શરીરમાં કાંઈ થાય તો અણગમો કે દુઃખ થાય છે તે આત્મા નથી પણ તેને જાણનારો છે તે આત્મા છે. કેમકે જ્ઞાન-સ્વરૂપી છે તે આત્મા છે એમ સિદ્ધ કરવું છે. દુઃખ એ આત્માનું સ્વરૂપ નથી.

શરીરમાં તાવ આવે ત્યાં માને કે મને તાવ આવ્યો. પણ તને તાવ ક્યાં આવ્યો છે! તને તો તાવનું જ્ઞાન થયું છે. પુણ્ય-પાપ પણ જુદી ચીજ છે તેને જાણનારો છે તે ચૈતન્યઆત્મા છે. પુણ્ય-પાપના ભાવ પણ જીવના નથી કેમકે તેમાં જાણવાનો ભાવ નથી. જેમાં જાણવાનો ભાવ-ગુણ છે તે આત્મા છે.

આ શરીર જડ છે, તેમાં અહંબુદ્ધિ કરવી અર્થાત્ શરીર સંબંધી ધન, સ્ત્રી, પુત્રાદિને પોતાના માનવા એ મિથ્યાજ્ઞાન છે, મિથ્યાદર્શન છે. લક્ષણભેદ દ્વારા નિજઆત્માને સ્વ અને આત્મા સિવાય બધાં ચેતન, અચેતન પદાર્થોને પર જાણવા તે જ ભેદવિજ્ઞાન છે. રાગ, શરીર, લક્ષ્મી આદિ અચેતન અને સ્ત્રી, પુત્રાદિનો આત્મા તે ચેતન હોવા છતાં મારા આત્માથી ભિન્ન છે અને ભિન્ન થઈને રહ્યાં છે એમ જાણીને રાગથી ભિન્ન પડીને પોતાના આત્મામાં પોતાપણું અનુભવવું તેનું નામ આત્માનું જ્ઞાન અને ધર્મ કહેવામાં આવે છે.

લૌકિકમાં વાંજિયા અને વાંઢાની કાંઈ કિંમત હોતી નથી, છોકરાવાળાની કિંમત હોય છે કે છોકરા છે તેનું નામ દુનિયામાં રહેશે, છોકરા વારસો રાખશે... વગેરે—પણ ભાઈ! તારા આત્મામાં સ્ત્રી, પુત્રાદિ કોઈ છે જ નહિ માટે તેનાથી તારું નામ રહેશે એ માન્યતા જ જૂઠી છે. જે પોતાની ચીજ નથી તેને પોતાની માનવી એ મૂઢતા અને મહાપાપ છે.

આ જુદી જાતનું નાટક છે ભાઈ! અહીં કોઈ પણ પરદ્રવ્ય તારું નથી. પોતાની ચૈતન્યજ્યોતિ બધાં ચેતન અને અચેતન પદાર્થોથી ભિન્ન છે એમ અનુભવવું તે પ્રજ્ઞા છે, તેનું જ નામ ભેદવિજ્ઞાન છે, બાકી તો બધી કુબુદ્ધિ છે.

જેવી રીતે રાજહંસ દૂધ અને પાણીને જુદાં જુદાં કરી નાંખે છે તેવી જ રીતે વિવેક વડે જીવ અને પુદ્ગલને જુદાં કરવાં, પુદ્ગલોમાંથી અહંબુદ્ધિ અથવા રાગ-દ્વેષ હટાવીને નિજસ્વરૂપમાં લીન થવું જોઈએ. તેરો ઘટ સર તામેં તૂંહી હૈ કમલ, તાકૌ તૂંહી મધુકર હૈ સુવાસ પહિચાન રે!... એક પદ્યમાં આવ્યું હતું તેમ તું ચૈતન્ય હંસ છો. હંસલાને દાણાના ખોરાક ન હોય એ તો મોતીને જ ચરે તેમ પુણ્ય-પાપ અને હરખ-શોકના ખોરક આ હંસલાને ન હોય તારે તો આનંદ ને જ્ઞાનના મોતીનો જ ખોરાક હોય—એમ કહે છે.

તારા ઘટમાં તું જ કમળ છો અને તું જ મધુકર છો માટે તું જ તારી સ્વ-વાસને ઓળખી લે. તારામાં અતીન્દ્રિય આનંદની સુગંધ છે. આ પુણ્ય-પાપ અને હરખ-શોકની વાસ તો બધી કુવાસ છે, તે આત્માની સુવાસ નથી. માટે ભેદજ્ઞાન કરીને આત્માની સુવાસ અનુભવી લે. આત્મા બધાંથી જુદો છે...જુદો છે એમ કહેવું એ જુદી વાત છે, જુદા આત્માનો અનુભવ કરવો એ ખરું જુદાપણું છે. માટે આ શિખામણનો હંમેશા અભ્યાસ કરવો જોઈએ. ભગવાન આત્મા અતીન્દ્રિય આનંદરસનો દરિયો છે તેમાં પેસીને રાગ અને વિકલ્પથી જુદો આત્માનો અનુભવ કરવો તેનું નામ ભેદવિજ્ઞાન છે તેનો અભ્યાસ હંમેશા કરવો જોઈએ.

આ અજીવ અધિકાર પૂરો થયો હવે 'કર્તા-કર્મ-ક્રિયા' અધિકાર છે. આ અધિકાર સૂક્ષ્મ છે.

यह अजीव अधिकारकौ, प्रगट बखानौ मर्म ।
अब सुनु जीव अजीवके, करता क्रिया कर्म ॥ १ ॥

આ અજીવ અધિકારના રહસ્યનું સ્પષ્ટ વર્ણન કર્યું, હવે જીવ-અજીવના કર્તા, ક્રિયા અને કર્મ સાંભળો. જીવ અને અજીવની લક્ષણ દ્વારા ભિન્નતા તો બતાવી. હવે જીવની ક્રિયા, તેનો કર્તા અને તેનું કાર્ય શું છે એ બતાવે છે. જડની અને રાગની ક્રિયા જીવની નથી અને જ્ઞાનની ક્રિયા અજીવની નથી એ બધું આમાં આવશે.

ભેદવિજ્ઞાનમાં જીવ કર્મનો કર્તા નથી, નિજસ્વભાવનો કર્તા છે.

प्रथम अग्यानी जीव कहै मैं सदीव एक,
दूसरौ न और मैं ही करता करमकौ ।
अंतर-विवेक आयौ आपा-पर भेद पायौ,
भयौ बोध गयौ मिटि भारत भरमकौ ।

भासे छहौं दरबके गुन परजाय सब,
नासे दुख लख्यौ मुख पूरन परमकौ ।
करमकौ करतार मान्यो पुदगल पिंड,
आप करतार भयौ आतम धरमकौ ॥२॥

અજ્ઞાની કહે છે—શરીર, રાગ ને આત્મા બધું એક જ છે. શરીર ને આત્મા જુદાં નથી, રાગ ને આત્મા જુદાં નથી. માટે જડકર્મનો કર્તા પણ હું છું અને પુણ્ય-પાપ ભાવનો કર્તા પણ હું જ છું. જેનો પોતાને કર્તા માને છે તેમાં એકતા તો પ્રથમથી માની જ હોય છે. કેમ કે, એકત્વ માન્યા વગર પોતાને કર્તા માની શકે નહિ.

સંસ્કૃત શ્લોકમાં પણ 'एकः कर्ता' શબ્દ છે તેનો અર્થ એ છે કે જ્ઞાનાનંદસ્વરૂપ હું છું, પુણ્ય-પાપ સ્વરૂપ પણ હું છું, કર્મ અને શરીરરૂપ પણ હું છું. બધું એક જ છે. એમ મિથ્યાદૃષ્ટિ ભ્રમથી માને છે તેથી દયા, દાન, વ્રતાદિના વિકલ્પનો કર્તા હું છું એમ માને છે. રાગની અને આત્માની ક્રિયા જુદી છે એમ એ જાણતો નથી, રાગની ક્રિયાનો કર્તા હું જ છું. બીજો કોઈ નથી એમ માને છે.

દયા, દાન, વ્રત, ભક્તિ આદિના વિકલ્પ ઊઠે છે તેનો કર્તા હું જ છું કેમકે રાગ અને હું એક જ છીએ. જે એક હોય તે જ તેનો કર્તા હોય. બીજાનો કર્તા હું ન હોઉં પણ રાગ અને આત્મા એક જ છે માટે રાગનો કર્તા હું છું એમ અજ્ઞાની અજ્ઞાનભાવે રાગનો કર્તા થાય છે. એને ખબર નથી કે વિકલ્પ મારી જાતનો નથી, એ તો કજાત છે, તેનું કાર્ય મારું નથી. અજ્ઞાની બે તત્ત્વને એક માને છે પણ બે તત્ત્વ એક થતાં નથી. દુકાન, ઓફિસ, ઘર કે કારખાના આદિના માલનો કર્તા તો તું નથી પણ રાગની ક્રિયાનો કર્તા પણ તું નથી એમ અહીં કહેવું છે.

જ્યાં સુધી દૃષ્ટિ રાગ અને વિકલ્પ ઉપર પડી છે ત્યાં સુધી અજ્ઞાની રાગ અને આત્મા તથા કર્મને એક જ માને છે તેથી રાગ અને કર્મનું કાર્ય મારું છે એમ માને છે જે મારા હોય તેનું કાર્ય મારું જ હોય ને! એમ અજ્ઞાની માને છે. જુઓ! મહાવ્રત વિકલ્પનું કાર્ય મારું છે એમ માને છે તે અજ્ઞાની છે એ વાત આમાં આવી ગઈ. જ્ઞાનસ્વરૂપ પ્રભુમાં વૃત્તિનું ઉત્થાન થાય એ એની જાત નથી પ્રભુ! જે પોતાનું કાર્ય હોય તે પોતાથી જુદું ન પડે.

મારી આબરૂ—મારો મોભો જાળવી રાખું એમ અજ્ઞાનીને થાય છે તે શું કામ?–કે આબરૂને તે પોતાનું કાર્ય માને છે. તેથી મિથ્યાદૃષ્ટિને તેને જાળવી

રાખવાની વૃત્તિ હોય છે. જેને બે ભાવમાં એકપણાની માન્યતા છે તે જ તેને હું કરું છું એમ માને છે.

**अंतर–विवेक आयो**–અરે! હું તો આત્મા જ્ઞાનસ્વરૂપ છું—એમ વિવેક આવ્યો. તે કોને આવે! કે જે ધીરો થઈને આત્મા અને પરનો ભેદ જાણે છે તેને એનો વિવેક પ્રગટ થાય છે, સ્વ અને પર જુદાં જણાય છે, સમ્યક્ બોધ પ્રગટ થાય છે. માટે કહ્યું છે—ધર્મ વિવેકે નીપજે, જો કરીએ તો થાય. રાગના વિકલ્પથી ભિન્ન ચૈતન્યમાં એકાગ્ર થતાં સ્વ-પરનું ભેદજ્ઞાન થઈ જાય છે કે હું તો રાગથી ભિન્ન ચૈતન્ય છું. રાગનું કાર્ય મારું નથી.

આત્મા વીતરાગસ્વરૂપ ચૈતન્ય છે અને રાગ છે તે તો મેલ છે—વિકાર છે. એવો બે વચ્ચેનો ભેદ જાણતાં બોધ પ્રગટ થાય છે—ભેદજ્ઞાન થાય છે ત્યાં મોટી ભૂલ ટળી જાય છે. ભ્રમણાની ભૂલ બહુ મોટી છે તેનો નાશ થાય છે. જ્ઞાનસૂર્ય પ્રભુ છે અને રાગ તો મલો છે તેને ભિન્ન પાડવામાં ઘણો પુરુષાર્થ છે. તે કાંઈ કાયરનું કામ નથી...પોતાનું વીર્ય જે રાગમાં એકતા માનીને પડયું હતું ત્યાં હવે વિવેક આવ્યો કે હું તો આનંદસ્વરૂપ ઝળહળતી ચૈતન્યજ્યોત છું. આ રાગ તે હું નહિ. એવું ભેદજ્ઞાન થયું ત્યાં **मिटि भारत भरमकौ**–ભ્રમણાનો મોટો ભાર ઉતરી જાય છે—મટી જાય છે. માટે સૌ પ્રથમ આ ભાર ઉતારવાનું કામ કરવાનું છે.

બહારની ચીજને લેવા માગે છે, બહારથી મોટાઈ લેવા માગે છે તેનો અર્થ જ એ છે કે તે બહારની ચીજને અને પોતાને એક માને છે. એ પ્રત્યક્ષ તેના લક્ષણ વડે ખ્યાલમાં આવે છે. એ તો અજ્ઞાની છે. હવે જેને આત્મા અને રાગાદિની ભિન્નતાનો બોધ થયો તેને ભ્રમણાનો મોટો બોજો માથેથી ઉતરી જાય છે, રાગથી આત્માનું જ્ઞાન ભિન્ન છે એવું જ્ઞાન પ્રગટ થાય છે અને ધ્રુવ વસ્તુ તો ત્રિકાળ જેમ છે તેમ પડી જ છે.

આ મૂળ વાતને લોકો ગ્રહણ કરતાં નથી તેથી બીજે ભ્રમણામાં દોરાઈ જાય છે. પોતાની ચૈતન્યબાજી તો જ્ઞાન ને આનંદમાં છે, રાગમાં આત્મા નથી. જેમાં પોતાનું હોવાપણું નથી તેનાથી જુદો પડીને જેમાં પોતાનું હોવાપણું છે તેને પકડે ત્યાં ભ્રમ મટી જાય છે. અનાદિની ભ્રમણા લાગેલી હતી તે ટળી જાય છે. સમ્યક્ બોધ પ્રગટ થાય છે કે છએ દ્રવ્યો ભિન્ન છે અને તેના ગુણ, પર્યાય પણ ભિન્ન ભિન્ન છે–સૌના ગુણ, પર્યાય સૌમાં છે. પરમાણુ દ્રવ્ય છે, સ્પર્શ, રસ, ગંધાદિ તેના ગુણ છે અને ચાલવું, બોલવું આદિ તેની અવસ્થા છે, તેમ જીવ એક દ્રવ્ય છે, તેના જ્ઞાન,

દર્શન, સુખાદિ ગુણો છે અને જ્ઞાન, દર્શનાદિની નિર્મળ અવસ્થા તે જીવની પર્યાય છે. આમ, જીવ અને પુદ્ગલ તદ્દન જુદાં બે દ્રવ્ય છે.

લોકોમાં ભેદજ્ઞાનરૂપ ધર્મની વાત સાંભળવી પણ કઠણ પડે એવી સ્થિતિ છે. દયા પાળો, વ્રત કરો, તપ કરો,...એ જ ધર્મ છે એમ માની બેઠા છે. આટલાં માણસોને માંસ છોડાવ્યું, આટલાં માણસો સામાયિક કરીને બેઠાં, આટલા દિવસો ધર્મના ઉજવ્યાં...એમ રાગના કાર્યોને જ ધર્મનાં માને છે તે અંધારામાં પ્રકાશ માનનારા અજ્ઞાની છે.

પરથી અને રાગથી ભિન્ન ભગવાન આત્મા જ્ઞાનમાં આવ્યા વગર ભ્રમણા મટે એમ નથી. ભ્રમણા જાય તો છએ દ્રવ્ય પોત પોતાનું કામ કરી રહ્યા છે તે દેખાય. શરીર શરીરનું કામ કરે છે, કર્મ કર્મના કારણે બંધાય છે અને છૂટે છે અને જીવ પોતાના જ્ઞાનભાવને કરે છે. આવું કર્તા-કર્મનું સ્વરૂપ છે. કર્તા-કર્મની આટલી સ્પષ્ટતા સમયસાર જેવી બીજે કયાંય આવતી નથી.

**नासे दुख लख्यौ सुख पूरन परमकौ ।** ભેદજ્ઞાન થતાં પોતાના પૂરણ પરમાત્માનું સુખ જોવા મળ્યું અને દુઃખો તો બધાં નાસી ગયાં. આનંદઘન ચૈતન્યને પરખ્યો તેમાં પૂર્ણ પરમાત્માનું સ્વરૂપ દેખાવા લાગ્યું. ત્યાં અજ્ઞાનજનિત દુઃખ બધાં ટળી ગયાં.

**करमकौ करतार मान्यौ पुद्गल पिंड ।** હું તો જ્ઞાન ને આનંદસ્વરૂપ છું એવો જ્યારે વિવેક જાગ્યો ત્યારે ખરેખર કર્મનો કર્તા પુદ્ગલ છે, રાગનું આચરણ પણ જડનું છે, મારું નથી, હું તો મારા સ્વભાવનો કર્તા છું—એમ જ્ઞાની જાણવા લાગે છે.

અજ્ઞાની તો વ્રત પાળે, તપ કરે, ચાર આહારને છોડે પણ વસ્તુના સ્વરૂપને અને તેની ક્રિયાને તો જાણતો નથી. ભગવાન આત્મા દેહની ક્રિયાને છોડવા-મૂકવાથી રહિત છે એ તો અજ્ઞાની જાણતો નથી અને ક્રિયાનો બોજો માથે લઈને ફરે છે. ઉપરથી વાદ-વિવાદ કરે છે પણ વિવેક જાગૃત કરતાં નથી.

**आप करतार भयौ आतम धरमकौ ।** આમ કહ્યું તેમાં રાગનો કર્તા જ્ઞાની થતો નથી એ વાત પણ આવી ગઈ. જ્ઞાની પોતાના આત્માના ધર્મને એટલે કાર્યને કરે છે પણ રાગને કે દેહની ક્રિયાને કરતાં નથી. ધર્મી પોતાના જ્ઞાન-દર્શન-આનંદના કર્તા થાય છે તે ધર્મ છે અને તે જ વિવેકજ્ઞાન છે.

સંસારના ભણતરમાં કેટલો વખત ગાળે છે પણ આ અંતરનો—ભેદજ્ઞાનનો અભ્યાસ કરવા માટે વખત કાઢતાં નથી. બાયડી, છોકરા માટે અને આબરૂ માટે

મજૂરી કરી કરીને મરી જાય છે પણ આત્માના અભ્યાસ માટે તો વખત મળતો નથી, એમ ને એમ ભવ હારી જાય છે. જે પોતાની ચીજ નથી તેને માટે તો જીવન ગાળી નાંખે છે અને પોતાના કાર્ય માટે એને સમય નથી.

જે ભેદજ્ઞાનનો અભ્યાસ કરીને પોતાના જ્ઞાનાનંદનો કર્તા થાય છે તે ધર્મનો કર્તા છે. આવો ધર્મી જીવ પોતાને સ્વભાવનો કર્તા અને કર્મનો અકર્તા જાણવા લાગે છે.

जाही समै जीव देहबुद्धिकौ विकार तजै,
वेदत सरूप निज भेदत भरमकौं।
महा परचंड मति मंडन अखंड रस,
अनुभौ अभ्यासि परगासत परमकौं।
ताही समैं घटमैं न रहै विपरीत भाव,
जैसैं तम नासै भानु प्रगटि धरमकौ।
एसी दशा आवैं जब साधक कहावै तब,
करता है कैसे करै पुदगल करमकौ ॥ ३ ॥

जाही समै जीव देहबुद्धिकौ विकार तजै। જ્યારે જીવ દેહ અને વિકાર હું છું એવી બુદ્ધિને તજે છે એમ કહ્યું છે. કર્મ ઘટે કે કર્મ ટળે ત્યારે આવો વિવેક આવે એમ નથી પણ જીવ જ્યારે પુરુષાર્થથી દેહબુદ્ધિને તજે છે ત્યારે તેને સમ્યક્ વિવેક પ્રગટે છે, ભ્રમણાનો નાશ થાય છે અને પોતાનું આનંદસ્વરૂપ પ્રત્યક્ષ વેદનમાં આવે છે. આનું નામ ભેદજ્ઞાન અને એનું જ નામ સમ્યક્ જ્ઞાન છે. અનાદિથી પુણ્ય-પાપનું વેદન છે તે ભ્રમણાનું અર્થાત્ મિથ્યાત્વનું વેદન છે. અજ્ઞાનમાં પણ જીવને સ્ત્રીના શરીરનું કે દાળ-ભાત-શાકનું કે મકાનનું વેદન નથી. વેદન તો એને હરખ-શોક અને રાગ-દ્વેષના પરિણામનું છે, પરદ્રવ્યનું વેદન નથી.

અનંતકાળમાં નરક-નિગોદથી માંડીને નવમી ગ્રૈવેયક સુધીમાં જીવે વિકારને જ વેદ્યો છે—સંયોગોને વેદ્યા નથી. શુભાશુભ વિકારી ભાવને જ વેદ્યા છે. પુણ્ય-પાપભાવનો કર્તા થાય છે અને તેને જ ભોગવે છે. ભાવનું જ વેદન છે, વસ્તુનું વેદન નથી. રાગ-દ્વેષ, હરખ અને શોકનું વેદન છે તે અજ્ઞાનવેદન છે. પોતે નિર્વિકારસ્વરૂપ છે તેની તો અજ્ઞાનીને ખબર નથી.

જ્યારે આત્મા જ્ઞાની થાય છે ત્યારે वेदत सरूप निज, भेदत भरमकौ।

—પોતાના આનંદસ્વરૂપને વેદે છે-અનુભવે છે અને રાગનું વેદન મારું છે એવી ભ્રમણાનો નાશ થાય છે. આ ધર્મની કળા અને આ જ ધર્મની રીત છે.

**महा परचंड मति**...અત્યંત તીવ્ર બુદ્ધિને સુશોભિત કરનાર પૂર્ણરસથી ભરેલા અનુભવના અભ્યાસથી પરમાત્માનો પ્રકાશ કરે છે ત્યારે સૂર્યના ઉદયથી નષ્ટ થયેલ અંધકારની જેમ કર્મના કર્તાપણાનો વિપરીત ભાવ હૃદયમાં રહેતો નથી. મતિ અને શ્રુતજ્ઞાન સ્વસન્મુખ થઈને અનુભવ થતાં મતિ-શ્રુતજ્ઞાનનું પ્રચંડ તેજ પ્રગટ થતાં રાગની એકતાનો અંધકાર ટળી જાય છે અને અતીન્દ્રિય આનંદનો રસ જે અખંડ છે તેને વેદતું મતિજ્ઞાન અનુભવના અભ્યાસ વડે પરમસ્વભાવનો પ્રકાશ કરે છે. હું પરમાત્મા છું એવો પ્રકાશ થાય છે. **अनुभव अभ्यासि परगासत परमको।**— અનાદિથી સ્વરૂપના અસ્તિત્વના ભાન વિના રાગ અને વિકલ્પના અસ્તિત્વને જ પોતાનું કર્તવ્ય માનતો અંધકારમાં પડ્યો હતો તે હવે મતિ-શ્રુતજ્ઞાનના તેજના બળ વડે પોતાના અનુભવના અભ્યાસ દ્વારા પરમાત્માની શક્તિનો પ્રકાશ સુશોભિત કરે છે.

કેટલીક સરળ ભાષામાં મૂળ વાત કરી દીધી છે! શુદ્ધ વિજ્ઞાનઘન એવા પરમસ્વરૂપને રાગથી ભિન્ન પડીને પ્રકાશિત કરે છે. રાગથી ભિન્ન પડીને પોતાના પરમ સ્વરૂપનો અનુભવ કરવો તે જ સમ્યક્ જ્ઞાન અને વિવેક છે.

**ताहि समैं घटमैं न रहै विपरीतभाव**, જ્યારે વિકલ્પથી ભિન્ન પોતાના પરમાત્મસ્વરૂપનું ભાન થાય છે તે સમયે વિપરીતભાવ એટલે કે રાગની એકતાબુદ્ધિ પોતાના ભાવમાં રહેતી નથી. જેમ સૂર્યનો ઉદય થતાં અંધકાર નાશ પામે છે તેમ અનુભવના અભ્યાસ વડે જ્ઞાનસૂર્યનો ઉદય થતાં કર્મના કર્તાપણાનો વિપરીતભાવ હૃદયમાં રહેતો નથી—નાશ પામે છે.

જે સમયે રાગ અને કર્મની બુદ્ધિનો નાશ થઈ આત્મસ્વભાવની બુદ્ધિ થાય છે ત્યાં રાગની એકતાની ભ્રમણા રહેતી નથી. ગાથા દીઠ ભિન્ન ભિન્ન ભાષામાં ભિન્ન ભિન્ન ભાવની સ્પષ્ટતા છે. સાધારણ માણસને બધું એક જેવું લાગે પણ એક નથી. અનેક પ્રકારની સ્પષ્ટતા છે.

**एसी दशा आवै जब साधक कहावै तब**...આત્માનો સાધક કયારે કહેવાય કે જ્યારે ઉપર કહી તેવી દશા પ્રગટ થાય ત્યારે તે આત્માનો સાધક કહેવાય છે. ચોથા ગુણસ્થાનથી જ સાધક કહેવાય છે. રાગની એકતા તોડીને સ્વભાવની એકતાને સાધતો-પરમાત્માને સાધતો સાધક પૌદ્ગલિક કર્મો કેવી રીતે કરે!

ધર્મીજીવ પુદ્ગલને અને રાગને કેમ કરે! સૂર્ય ઊગે ત્યાં અંધકાર કેમ રહે!

તેમ ચૈતન્યપ્રકાશના તેજની ક્રિયાને કરતો ધર્મી રાગની એકતાના અંધકારને કેમ રાખે!

અનાદિથી વિકારનો સાધક હતો તે હવે આત્મસ્વભાવનો સાધક થયો તેનું જ નામ ધર્મ છે. આ માર્ગે જવાની રીત આ છે એમ પહેલા સમજે તો તેને અંતર્મુખ થવાનો પ્રયોગ કરવાનો અવસર આવે પણ જો સમજણ જ ખોટી હોય તો અંતરમાં ઉતરવાનો પ્રયત્ન સાચો થાય જ નહિ.

જુઓ ને! વ્યવહાર પહેલો હોય પછી નિશ્ચય થાય એવો ઉલટો પ્રચાર ચાલે છે...સોનું ને પથ્થર સાથે છે તેમાંથી સોનું છૂટું પડે છે તે પોતાથી પડે છે, પથ્થર સાધક નથી તેમ રાગથી જ્ઞાન થતું નથી. રાગ તો અંધકાર છે, અંધકારમાં પેસવાથી અજવાળુ થતું નથી. રાગથી ધર્મનું સાધન ન થાય. શાસ્ત્રમાં રાગને વીતરાગતાનું સાધન વ્યવહારથી કહ્યું છે પણ વ્યવહાર તો અન્યથા કથન કરે છે. ખરેખર રાગ તે વીતરાગતાનું કારણ નથી. મોક્ષમાર્ગ પ્રકાશકમાં ટોડરમલજીએ એકદમ સ્પષ્ટ કર્યું છે કે વ્યવહાર છે ખરો પણ તેની શ્રદ્ધા કરવાની નથી.

ભગવાન આત્મા જ્ઞાતા-દૃષ્ટા છે તેમાં વિકલ્પમાત્રનો અભાવ છે એવું જેને ભાન થાય છે તે જ્ઞાની પૌદ્ગલિક કર્મોને કર્તા થઈને કેવી રીતે કરે! તેમ જ રાગનો કર્તા થઈને રાગને કેવી રીતે કરે! એ તો પોતાની જ્ઞાનની ક્રિયાને કરે, આનંદની ક્રિયાને કરે પણ રાગની ક્રિયાને કેમ કરે!

અહીં કહે છે—વ્યવહાર કરતાં કરતાં નિશ્ચય થશે એમ માનવું રહેવા દેજે. વ્યવહારનું કર્તાપણું છોડીશ ત્યારે તને સાધકપણું પ્રગટ થશે. વ્યવહાર સાધન છે અને નિશ્ચય તેનું સાધ્ય છે એ કથનમાત્ર કહેવાય છે ખરેખર એમ નથી. રાગથી આત્માની શુદ્ધિ વધતી જ નથી, સ્વભાવનો આશ્રય કરતાં કરતાં શુદ્ધિ વધે છે. છઠ્ઠા ગુણસ્થાનની શુદ્ધિ છે તે સાતમા ગુણસ્થાનની શુદ્ધિનું કારણ છે પણ એમ લાંબુ કથન ન કરતાં છઠ્ઠામાં શુદ્ધિની સાથે રહેલો રાગ કેવી જાતનો હોય એ બતાવીને તેને જ સાતમાની શુદ્ધિનો સાધક કહી દીધો છે, પણ ખરેખર તો શુદ્ધિ જ શુદ્ધિનું કારણ થાય છે. (ક્રમશઃ)

# □ પરમેશ્વરની પરમ આજ્ઞા □

[ શ્રી પંચાસ્તિકાય ગાથા-૧૭૨ ઉપર પરમ પૂજ્ય ગુરુદેવશ્રીનું પ્રવચન ]

સર્વ શાસ્ત્રોનો સાર વીતરાગતા છે. વ્યવહાર-નિશ્ચયનાં કથન ગમે તેટલાં આવે પણ શુદ્ધ આત્મદ્રવ્યના આશ્રયે વીતરાગતા કરવી તે જ તાત્પર્ય છે.

સ્વભાવનો આશ્રય પૂર્ણપણે નથી ત્યાં સાધકદશામાં અલ્પ રાગ છે. પોતાના જ આશ્રયે ક્રમે ક્રમે કર્મનો નાશ કરે છે. જડકર્મનો નાશ કરી શકાતો નથી, પણ નિમિત્તથી કથન છે. ચૈતન્યના આશ્રયે સ્થિરતા વધતાં શુભાશુભ રાગનો નાશ થઈ જાય છે.

છઠ્ઠા-સાતમા ગુણસ્થાને ઝૂલતાં મુનિની વાત છે. શાંત જ્ઞાનાનંદ સ્વરૂપમાં સ્થિર-અડોલ થઈ ગયા છે. જાણે વનસ્પતિ થઈ ગયા છે. અજ્ઞાની કે જે પાપમાં લીન છે તેને તથા એકલા શુભ રાગમાં લીન છે તેને પણ જડ જેવા વનસ્પતિ કહ્યા હતા, અહીં જ્ઞાનાનંદમાં જાગ્રત છે તેને વનસ્પતિ જેવા સ્થિર કહ્યા છે.

મુનિ કેવા છે? કે જેમણે કર્મફળચેતનાનો અનુભવ અર્થાત્ હર્ષ-શોકાદિ કલુષતાનું વેદન દૂર કરેલ છે, ચૈતન્ય આનંદમાં ઉગ્ર સ્થિરતાના અવલંબન વડે તેમને પર તરફનું વલણ જ નથી થતું.

વળી કર્મચેતના અર્થાત્ શુભાશુભરાગ-વ્યવહારરત્નત્રય, પંચમહાવ્રતનો રાગ, તેનો અનુભવ પણ જેમને નથી પણ કેવળ જ્ઞાનચેતનામય શુદ્ધાત્માનુભવ વડે આત્મિક સુખથી ભરપૂર છે તે શીઘ્ર જ સ્વભાવનું ઉગ્ર આલંબન લઈને સંસારસમુદ્રથી પાર થઈને, સર્વ જિનશાસ્ત્રોના સારરૂપ મૂળ શાશ્વત આત્મિક મોક્ષપદના ભોક્તા થાય છે.

નિશ્ચય વગરનો એકલો વ્યવહાર ખોટો ને નિશ્ચયપૂર્વક વ્યવહાર ન હોય તો પૂર્ણ વીતરાગ થાય. સાધક ન રહે.

હવે છેલ્લી ગાથામાં આચાર્યદેવ પોતાની પ્રતિજ્ઞા પૂરી કરતાં કહે છે કે પ્રવચન પ્રત્યેની ભક્તિથી પ્રેરાઈને માર્ગની પ્રભાવના અર્થે મેં આ શાસ્ત્ર રચ્યું છે:

मग्गप्पभावणट्ठं पवयणभत्तिप्पचोदिदेण मया ।
भणियं पवयणसारं पंचत्थियसंगहं सुत्तं ॥१७३॥

મેં—કુંદકુંદાચાર્યે આ પંચાસ્તિકાયની રચના કરી છે, તેમાં પૂર્વાચાર્યોની

પરંપરાથી શબ્દબ્રહ્મ અનુસાર કહ્યું છે. તેમાં પાંચ દ્રવ્યોનું મુખ્યપણે વર્ણન છે તથા કાળદ્રવ્યનું વર્ણન ગૌણ છે. શ્રીમદ્ રાજચંદ્રજીએ આ શાસ્ત્રના ટૂંકા અર્થો લખ્યા છે. તેમાં આ ગાથાનો અર્થ લખ્યો છે કે:—

"માર્ગનો પ્રભાવ થવાને અર્થે, પ્રવચનની ભક્તિથી ઉત્પન્ન થયેલી પ્રેરણાથી પ્રવચનના રહસ્યભૂત 'પંચાસ્તિકાય'ના સંગ્રહરૂપ આ શાસ્ત્ર 'મેં' કહ્યું."

અહીં મેં એટલે શ્રીમદ્ રાજચંદ્ર ન સમજવા પણ કુંદકુંદાચાર્યદેવે રચ્યું છે. જગતમાં છયે દ્રવ્યો સ્વતંત્ર સ્વયંસિદ્ધ અસ્તિત્વવાળા છે, જીવનું અસ્તિત્વ જુદું ને પુદ્ગલનું અસ્તિત્વ જુદું, કર્મ તે પુદ્ગલાસ્તિકાય છે, તે જીવમાં કાંઈ કરે નહિ, ને જીવ તેમાં કાંઈ કરે નહિ. આ પંચાસ્તિકાય શાસ્ત્રમાં દ્વાદશાંગરૂપી જિનવાણીનું રહસ્ય છે. કુંદકુંદાચાર્યદેવ કેવા છે? તે પોતે કહે છે કે જિનવાણી પ્રત્યેની ભક્તિથી પ્રેરાઈને જિનમાર્ગની પ્રભાવના અર્થે આ શાસ્ત્ર રચ્યું છે. અહો! વીતરાગી મોક્ષમાર્ગ જગતમાં જળવાઈ રહે ને તેની પ્રભાવના થાય તે અર્થે આ શાસ્ત્ર રચ્યું છે. આત્માના આશ્રયે જે પરમ નિરપેક્ષ વીતરાગી શ્રદ્ધા-જ્ઞાન-ચારિત્ર પ્રગટે તે માર્ગ છે, તે માર્ગની પ્રભાવના અર્થે આ શાસ્ત્ર રચ્યું છે. એટલે રાગથી ધર્મ મનાવે કે કર્મ વિકાર કરાવે એમ મનાવે તે માર્ગ નથી પણ કુમાર્ગ છે. માર્ગની પ્રભાવના ક્યારે થાય? કે જો પોતે પોતાના પુરુષાર્થમાં સ્વતંત્ર હોય તો. પોતે પોતાના સ્વભાવના આશ્રયે વીતરાગી શ્રદ્ધા-જ્ઞાન-ચારિત્ર પ્રગટ કરવાં તેનું નામ માર્ગ છે, ને તે જ જિનેશ્વરદેવની આજ્ઞા છે. તેની પ્રભાવના માટે આ શાસ્ત્રની રચના કરી છે. એટલે શાસ્ત્રમાંથી રાગનું તાત્પર્ય કાઢે તો તે જીવ શાસ્ત્રને સમજ્યો નથી.

સમ્યગ્દૃષ્ટિને ચારિત્રમોહનો રાગ થાય છે; તે રાગ કાંઈ ચારિત્રમોહકર્મના ઉદયને લીધે થતો નથી, પણ પોતાની પર્યાયની નબળાઈથી થાય છે એમ ધર્મી જાણે છે. રાગને જો સ્વભાવ માને તો પર્યાયબુદ્ધિ કહેવાય, પણ પર્યાયમાં રાગને જાણવો તે કાંઈ પર્યાયબુદ્ધિ નથી અને પર્યાયમાં રાગ થાય છે તે કર્મ કરાવે છે એમ માને તો તે પણ મૂઢ મિથ્યાદૃષ્ટિ છે. કોઈ એમ કહે કે 'રાગ કર્મ જ કરાવે છે એમ માને તો જ રાગથી ભેદજ્ઞાન થાય.'—તો એમ કહેનારને ભેદજ્ઞાનની ખબર નથી. પોતાની પર્યાયની નબળાઈથી રાગ થાય છે—એમ પોતાની પર્યાયને પણ જો સ્વતંત્ર ન જાણે તો તેને રાગથી ભેદજ્ઞાન કરવાનું રહેતું નથી, તે મિથ્યાદૃષ્ટિ છે, તેને તો કર્મથી ભિન્નતાનું પણ ભાન નથી, તો પછી રાગથી ભેદજ્ઞાન ક્યાંથી કરશે?

સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર તે જ ખરેખર માર્ગ છે, તે માર્ગની પ્રભાવના આત્મા ક્યારે કરી શકે? કે જો તે સમ્યગ્દર્શન-જ્ઞાન ચારિત્ર ત્રણેમાં સ્વતંત્ર હોય તો.

ચારિત્રમોહકર્મ ખસે ત્યારે ચારિત્ર થાય-એમ જો કર્મને આધીન હોય તો જીવના હાથમાં માર્ગની પ્રભાવના ન રહી.

જગતમાં અનંત જીવાસ્તિકાય છે, તે દરેક ભિન્નભિન્ન સ્વતંત્ર છે, અનંત પુદ્‌ગલાસ્તિકાય છે, તે જીવથી ભિન્ન છે. કોઈની કૃપાથી જીવનું કલ્યાણ કે અહિત થઈ જતું નથી. કેમકે દરેક જીવ ભિન્ન ભિન્ન છે. "માર્ગ પ્રભાવના" એમ કહેવામાં આચાર્યદેવે સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર ત્રણેને આત્મસ્વભાવના આશ્રયે બતાવ્યા છે.

સંસાર વિષય-ભોગથી પરમ વૈરાગ્ય કરાવનારી સર્વજ્ઞ ભગવાનની આજ્ઞાનું નામ વૈરાગ્ય છે. "मार्गो हि परमवैराग्यकरणप्रवणा पारमेश्वरी परमाज्ञा" સ્વભાવમાં રમણતાથી સંસાર-શરીર-ભોગ પ્રત્યે પરમ વૈરાગ્ય થઈ જાય એનું નામ પરમેશ્વરની પરમ આજ્ઞા છે, ને તે જ મોક્ષમાર્ગ છે. પરપદાર્થ જો આત્મા ઉપર બળજોરી કરીને કરાવતું હોય તો આત્મા તેનાથી પરમ વૈરાગ્ય કરી શકે નહિ. ચિદાનંદ સ્વરૂપમાં અપેક્ષા ને સમસ્ત પરદ્રવ્યથી ઉપેક્ષા—એવો માર્ગ છે. અહો! આખી દુનિયાનો મારા સ્વરૂપમાં બિલકુલ પ્રવેશ નથી, એમ જગતથી ઉદાસ થઈને ચિદાનંદ સ્વરૂપની શ્રદ્ધા, તેનું જ્ઞાન ને તેમાં લીનતા કરવી તેનું નામ મોક્ષમાર્ગ છે.

પરના આશ્રયે જો કલ્યાણ થતું હોય તો પરથી વૈરાગ્ય કરીને સ્વયં વળવાનું રહ્યું નહીં. તેમ જ દયા-વ્રતાદિના રાગથી જો કલ્યાણ થતું હોય તો રાગથી વિરક્ત થઈને સ્વરૂપમાં વળવાનું રહેતું નથી. માટે સંસાર એટલે રાગાદિ ઉદયભાવો તેમનાથી ઉદાસીન થઈને સ્વસ્વરૂપમાં આવવું તેનું નામ વીતરાગની આજ્ઞા છે. જુઓ, વચ્ચે વ્યવહાર આવે તે ખરેખર ભગવાનની આજ્ઞા નથી. નિમિત્ત, વિકાર અને પર્યાય તરફની રુચિ તજી, સ્વાશ્રય શ્રદ્ધા-જ્ઞાન-આનંદરૂપ સ્વભાવમાં ઠરવું તે જ આજ્ઞા છે. જે જીવ ચૈતન્યમાં વલણ કરે છે, ને પરથી ઉપેક્ષિત થાય છે તેને ભગવાનની આજ્ઞા નિમિત્ત કહેવાય.

ત્રિકાળ શુદ્ધ સ્વરૂપમાં પરિપૂર્ણ ભગવાનપણું છે ને વર્તમાન નબળાઈમાં પર્યાય અપેક્ષાએ પામરપણું છે એમ જે જાણે તેને પ્રમાણજ્ઞાન છે.

મોક્ષમાર્ગની શ્રદ્ધા થવામાં પ્રથમ કુદેવ, કુશાસ્ત્ર, કુગુરુનો તથા તેને માનનારાનો આદર છોડીને યથાર્થ ઓળખાણપૂર્વક સુદેવાદિને માને, પચીસ દોષરહિત સમ્યક્ત્વ પાળે તે વ્યવહાર આજ્ઞા છે અને નિર્વિકલ્પ નિશ્ચય જ્ઞાયક સ્વભાવી આત્માના અવલંબનમાં રહેવું તે નિશ્ચય આજ્ઞા છે. પરથી અને શુભરાગથી પણ પરમ ઉદાસીનતા થતાં નિશ્ચયરત્નત્રયરૂપ રમણતા થાય તે ભગવાન કથિત આજ્ઞા છે.

ભગવાનની આજ્ઞા કોણે માની કહેવાય? કે રાગને ધર્મ ન માને; જો રાગને ધર્મ માને તો તેણે ભગવાનની આજ્ઞા માની નથી. ભગવાનની આજ્ઞા તો પરમ વૈરાગ્ય કરાવનારી છે. સમ્યગ્દર્શન-સમ્યગ્જ્ઞાન-સમ્યક્ચારિત્ર તે ત્રણેય પરથી તદ્દન નિરપેક્ષ એવા સ્વભાવના આશ્રયે છે, ને તે જ મોક્ષમાર્ગ છે. વચ્ચે રાગ આવે તે મોક્ષમાર્ગ નથી. આવા વીતરાગી મોક્ષમાર્ગનો મેં આ પંચાસ્તિકાયમાં ઉદ્યોત કર્યો છે. આ પંચાસ્તિકાયશાસ્ત્ર ભગવાન સર્વજ્ઞ દેવે કહેલાં સિદ્ધાંત અનુસાર મેં કહ્યું છે, તે જિનપ્રવચન પ્રત્યેની ભક્તિથી અને વીતરાગમાર્ગના ઉદ્યોતને માટે કહ્યું છે.

આ પ્રમાણે સૂત્રકર્તા ભગવાન શ્રી કુંદકુંદાચાર્યદેવે પોતાની પ્રતિજ્ઞા પૂર્ણ કરી, અને કૃતકૃત્ય થઈને કર્મરહિત શુદ્ધ સ્વરૂપમાં તેઓ સ્થિર થયા એવી અમને શ્રદ્ધા ઊપજી છે-એમ ટીકાકાર અમૃતચંદ્રાચાર્યદેવ કહે છે. અહો! આચાર્યદેવે ચિદાનંદસ્વરૂપના અવલંબંને વીતરાગભાવ કરવાનું કહ્યું છે, તો અમને પણ તેની ભાવના થઈ છે, ચિદાનંદ સ્વરૂપમાં ઠરવાનો અમારામાં ઉત્સાહ થયો છે, રાગમાં રહેવાની ભાવના નથી પણ સ્વરૂપમાં ઠરવાની જ ભાવના છે.

આ પ્રમાણે પંચાસ્તિકાય પૂર્ણ થયું. હવે છેલ્લે ટીકાકાર અમૃતચંદ્રસૂરિ કહે છે કે:—

स्वशक्तिसंसूचितवस्तुतत्त्वैर्व्याख्या कृतेयं समयस्य शब्दैः।
स्वरूपगुप्तस्य न किंचिदस्ति कर्तव्यमेवामृतचन्द्रसूरेः ॥

આ શાસ્ત્રના શબ્દોની રચના મેં કરી નથી—શબ્દો તો પરમાણુની પર્યાયના કાળે રચાઈ ગયા છે, આત્મા તો તેનો જ્ઞાતા છે. વિકલ્પ ઊઠયો તેની પણ ભાવના નથી. ઇચ્છાના કારણે શાસ્ત્રની ભાષા થઈ નથી, શબ્દોએ પોતાની સ્વશક્તિથી આ કથન કર્યું છે. આચાર્યદેવે પોતે પોતામાં વીતરાગભાવને ઘૂંટયો છે. આત્મા તો જ્ઞાનસ્વરૂપ છે, તે પોતાના સ્વરૂપમાં ગુપ્ત છે, તે જડમાં જઈને કાંઈ કરતો નથી. કુંદકુંદાચાર્યદેવે એમ કહ્યું કે 'મેં આ શાસ્ત્ર રચ્યું છે'—તે તો પોતાને કેવો વિકલ્પ ઊઠયો તેનું નિમિત્તપણું બતાવવા કથન છે ને અમૃતચંદ્રાચાર્ય કહે છે કે આત્મા શબ્દોનો કર્તા નથી. આત્મા તો જ્ઞાયક છે.

આ પ્રમાણે શ્રી પંચાસ્તિકાય શાસ્ત્ર પૂર્ણ થયું.

# ▦ વૈરાગ્યજનની : બાર ભાવના ▦

[ શ્રી સ્વામી કાર્તિકેયાનુપ્રેક્ષા ઉપર પરમ પૂજ્ય ગુરુદેવશ્રીનું પ્રવચન ]

હવે ગાથા ૪૨૮માં કહે છે કે જીવ લક્ષ્મીને ઇચ્છે પણ ધર્મ વિના તે મળતી નથી.

लच्छिं वंछेइ णरो णेव सुधम्मेसु आयरं कुणइ ।
बीएण विणा कुत्थ वि किं दीसदि सस्सणिप्पत्ती ॥ ४२८ ॥

લક્ષ્મી તો બધાને જોઈએ છે. ઘેર હાથી ઝૂલતા હોય, મોટરો હોય, મહેલો હોય તેવા ગૃહસ્થને જોઈને પૈસાની રુચિવાળાને પૈસાની ઇચ્છા થઈ જાય પણ પુણ્ય વિના લક્ષ્મી મળતી નથી. સમ્યગ્દર્શનરૂપી ધર્મ વિના સારા પુણ્ય પણ હોતા નથી. માટે ધર્મ વિના ધન મળતું નથી એમ કહેલ છે. ધર્મ વિના ધન નહિ અને ધન વિના ધર્મ નહિ—એમ લોકો કહે છે તે વાત ખોટી છે. અહીં તો પુણ્ય વિના ધન મળતું નથી એમ કહે છે. અત્યારના અમુક પંડિતો કહે છે કે સમાજની વ્યવસ્થા બરાબર નથી માટે પૈસા મળતા નથી. અહીં આચાર્ય ભગવાન કહે છે કે તે વાત ખોટી છે. પુણ્ય વિના ત્રણકાળમાં કોઈને પૈસા મળે નહિ. જેમ બીજ વિના ધાન્ય થાય નહિ તેમ પુણ્ય વિના લક્ષ્મી મળતી નથી. આમ સ્પષ્ટ વાત હોવા છતાં પંડિતો પોતાની કલ્પનાથી નવા નવા ફતવાઓ કાઢે છે. કોઈ પંડિત કહે છે કે નિમિત્તથી ઉપાદાનમાં કામ થાય એમ અનેક પ્રકારે ગપ્પા મારે છે. નિમિત્ત અને ઉપાદાન બન્ને સ્વતંત્ર હોવા છતાં પંડિતો નિમિત્તમાં અટકીને એના વિના કાર્ય થતું નથી એમ માને છે અને કહે છે કે સૂત્રનો આધાર આપીએ છીએ છતાં ઉપાદાનવાળા માનતાં નથી. અહો ! દિગમ્બર આચાર્યોના ગમે તે શાસ્ત્રો લો તો તે બધાનો એક જ આશય છે પણ તેના અર્થને યથાર્થ સમજ્યા વગર એમાં વિરોધ માને છે. ચારે અનુયોગનો સાર એક વીતરાગતા છે, એમાં વિરોધ નથી. અત્યારે સમયસારના વાંચનારા ઘણા નીકળ્યા છે અને જે આત્માના ખપી છે તેની પાસે એ પંડિતોની ઊંધી માન્યતા હવે ચાલે એમ નથી. આ વાતને સમજનારા ઘણા તૈયાર થયા છે અને એનો જવાબ પણ બરાબર આપે છે.

ભાવાર્થ :—જેમ બીજ વિના ધાન્ય ન થાય તેમ ધર્મ વિના સંપદા પણ ન થાય એ પ્રસિદ્ધ છે. આગળ ધર્માત્મા જીવોની પ્રવૃત્તિ કેવી હોય છે તે કહે છે.

जो धम्मत्थो जीवो सो रिउवग्गे वि कुणदि खमभावं ।
ता परदव्वं वज्जइ जणणिसमं गणइ परदारं ॥ ४२९ ॥

અર્થ :—જે જીવ, ધર્મમાં સ્થિર છે તે વૈરીઓના સમૂહમાં પણ ક્ષમા કરે છે, પરદ્રવ્યને તજે છે-અંગીકાર કરતો નથી તથા પરસ્ત્રીને કન્યા, માતા અને બહેન સમાન ગણે છે.

જે આત્મા પોતાના ચૈતન્ય શુદ્ધ સ્વભાવમાં શ્રદ્ધા-જ્ઞાન પૂર્વક લીન રહે છે તે વૈરીના ટોળા હોવા છતાં ક્ષમાભાવ રાખે છે કેમકે તે જાણે છે કે જે પર્યાય થવાની તે થવાની જ, એને કોઈ રોકી શકે એમ નથી. વળી પરની પર્યાયથી મને કાંઈ લાભ નુકસાન થતું નથી એમ માની જ્ઞાતા-દ્રષ્ટા રહે છે. ચારિત્રનું નિધાન મારામાં છે એમ જ્ઞાની જાણે છે તેથી તેમાં જ સ્થિર રહે છે. બહારમાં લોકો ગમે તેટલો વિરોધ કરે, અપરાધ વગર પરિષહ આપે તોપણ જ્ઞાની પોતાની શાંતિ અને ક્ષમાને ચૂકતો નથી. દુશ્મનનો સામનો ન કરે તો લોકો કહે કે નામર્દ છે-કાયર છે, પણ જ્ઞાની માને છે કે આત્મા પરમાં કાંઈ કરી શકતો જ નથી. પરદ્રવ્ય પ્રત્યે ઉપેક્ષા ભાવ કરીને સ્વદ્રવ્યમાં રહે છે. સ્ત્રી વિષયનું મુખ્ય નિમિત્ત હોવાથી તેની ઉપેક્ષા કરે છે એટલે કે સ્વભાવમાં રહેતા એની ઉપેક્ષા થઈ જાય છે.

ता सव्वत्थ वि कित्ती ता सव्वत्स वि हवेइ वीसासो ।
ता सव्वं पिय भासइ ता सुद्धं माणसं कुणई ॥४३०॥

અર્થ :—જે જીવ ધર્મમાં સ્થિર છે તેની સર્વ લોકમાં કીર્તિ (પ્રશંસા) થાય છે. સર્વ લોક તેનો વિશ્વાસ કરે છે, વળી તે પુરુષ સર્વને પ્રિય વચન કહે છે જેથી કોઈ દુઃખી થતો નથી, તે પુરુષ પોતાના અને પરના દિલને શુદ્ધ-ઉજ્જવળ કરે છે. કોઈને તેના માટે કલુષતા રહેતી નથી તેમ તેને પણ કોઈના માટે કલુષતા રહેતી નથી. ટૂંકામાં ધર્મ સર્વ પ્રકારથી સુખદાયક છે.

ધર્મી જીવની લોકમાં પ્રશંસા થાય છે અને એના સમાગમ કરતાં જીવો સુધરશે પણ બગડશે નહિ એમ માને છે. વળી ધર્મી મીઠાં વચનો બોલે છે એટલે કે ભાષા તો ભાષાના કારણે થાય છે પણ એવો ભાવ ધર્મીને હોય છે. પોતામાં ઉજ્જવળ પરિણામ કરે છે અને બીજાને નિમિત્ત થાય; કેમકે આત્મા શુદ્ધ નિર્મળ પરિણામ સ્વરૂપ છે તે બધાને સુખદાયક જ હોય છે. ધર્માત્મા વિશ્વાસ, કીર્તિ વગેરેનું સ્થાન છે, ધર્મી સિવાય બીજામાં યથાર્થપણે એવું સ્થાન હોતું નથી. ટૂંકામાં સર્વ પ્રકારે ધર્મ તો સુખનો દેવાવાળો છે, દુઃખને દેવાવાળો નથી. ધર્મથી દુઃખ થતું નથી.

આગળ ધર્મનું માહાત્મ્ય કહે છે.

उत्तमधम्मेण जुदो होदि तिरिक्खो वि उत्तमो देवो ।
चंडालो ति सुरिंदो उत्तमधम्मेण संभवदि ॥४३१॥

અર્થ :—સમ્યક્ત્વ સહિત ઉત્તમ ધર્મ યુક્ત જીવ ભલે તિર્યંચ હો પણ દેવપદને પ્રાપ્ત થાય છે તથા સમ્યક્ત્વ સહિત ઉત્તમ ધર્મથી ચંડાલ પણ દેવોનો ઈન્દ્ર થાય છે.

સિંહ, વાઘ, હરણ કે માછલાને પણ સમ્યગ્દર્શન થઈ શકે અને કેટલાકને પાંચમું ગુણસ્થાન પણ હોય છે તેથી તેને પણ અંશે ઉત્તમધર્મ હોય છે. તે ઢોર મરીને દેવ થાય છે. ભગવાનના સમવસરણમાં તિર્યંચો હોય છે. એમાં જેની દૃષ્ટિ અંતર આત્મા ઉપર પડી છે એટલો એને ધર્મ છે, રાગ રહ્યો છે એને તે જાણે છે. વળી ચંડાળ હોય પણ જો તેને આત્માનું ભાન થયું હોય તો મરીને ઈન્દ્ર પણ થાય છે. આમાં આત્માના જ્ઞાનનો મહિમા છે.

अग्गी वि य होदि हिमं होदि भुयंगो वि उत्तमं रयणं ।
जीवस्स सुधम्मादो देवा वि य किंकरा होंति ॥४३२॥

અર્થ :—આ જીવને ઉત્તમ ધર્મના પ્રસાદથી અગ્નિ પણ શીતળ પાલો (બરફ) થઈ જાય છે, સર્પ છે તે ઉત્તમ રત્નમાળા થઈ જાય છે તથા દેવ છે તે પણ કિંકર-દાસ બની જાય છે.

ધર્મી જીવને આત્માનું ભાન હોય છે અને એ ભૂમિકામાં જે શુભ રાગ હોય છે તેનાથી જે પુણ્ય બંધાય છે તેના ફળમાં કોઈ વખતે અગ્નિનો પરિષહ હોય તો તે પણ શીતળ થઈ જાય છે. સીતાજીને અગ્નિપરીક્ષા વખતે પુણ્યનો યોગ હતો તો અગ્નિનું પાણી થઈ ગયું ને તેમાં કમળ થઈ ગયું. લક્ષ્મણજીને સીતાજી પ્રત્યે માતા સમાન પ્રેમ હતો. રામચંદ્રજીનો હુકમ અગ્નિ પરીક્ષાનો થયો ત્યારે તેમને ઘણો ખેદ થયો પણ મોટાભાઈ પ્રત્યે વિનય ઘણો હતો તેથી કાંઈ બોલી શકયા નહિ પણ તેઓ ભગવાનની સ્તુતિ કરે છે કે સતી સીતાનું આ કામ પાર પાડી દો. ધર્મના પ્રતાપે પૂર્વના પુણ્યનું ફળ આવ્યું. આ રીતે ધર્મના કારણે અગ્નિ પણ શીતળ થઈ જાય છે એમ કહેલ છે. શાસ્ત્રમાં સુભદ્રાની વાત આવે છે કે કરંડિયાની અંદર સર્પ પૂર્યો છે અને અંદર હાથ નાખતાં તે ફૂલનો હાર થઈ જાય છે એ પણ પૂર્વનાં પુણ્ય હતા તો થયું છે. એને ઉપચારથી ધર્મના કારણે થયું કહેવાય છે.

મુનિ ધ્યાનમાં બેઠા હોય ને પુણ્યનો યોગ ન હોય તો માથામાં અગ્નિ મૂકે અને શરીર બળી જાય; વાઘ, સિંહ ખાઈ જાય. ધર્મ પ્રગટ્યો છે માટે બહારમાં આપદા ન જ હોય એમ નથી પણ જેને પુણ્ય યોગ હોય તેની અહીં વાત છે. અજ્ઞાની હોય અને પુણ્યનો ઉદય હોય તો બહારમાં આપદા ન હોય. જ્ઞાનનો ઉઘાડ હોય તો કયારે મરણ થશે એ પણ કદાચ કહી દે અને જ્ઞાની મુનિ હોય અને રસ્તામાં મરણ પામે એની સાથે ધર્મને કાંઈ સંબંધ નથી. અહીં તો આત્માનો ધર્મ પ્રગટ થયો છે અને રાગ રહી જાય તો એનાં કેવા પુણ્ય હોય છે તેનો મહિમા બતાવેલછે. (ક્રમશઃ) *

[ ગતાંકથી ચાલુ ]

# અધ્યાત્મ-અમૃતના ઓઘ વડે અતીન્દ્રિય આનંદમય અનુભૂતિનું અભિસિંચન

[ શ્રી સમયસાર ગાથા–૩૨૦ ઉપર પરમ પૂજ્ય ગુરુદેવશ્રીનું પ્રવચન ]

મોક્ષના કારણભૂત જે ક્રિયા, કઈ ક્રિયા ?—કે શુદ્ધ ભાવની પરિણતિ—પુણ્ય-પાપની પરિણતિ વિનાની વીતરાગી પરિણતિ તે મોક્ષના કારણભૂત ક્રિયા છે. ધ્રુવના ધ્યેયે પ્રગટેલી પરિણતિરૂપ ક્રિયા—તે પણ દ્રવ્યમાં નથી.

બંધના કારણભૂત દયા-દાનના પરિણામરૂપ ક્રિયા છે તે દ્રવ્યમાં નથી અને મોક્ષના કારણભૂત શુદ્ધ પરિણતિરૂપ જે ક્રિયા છે તે ક્રિયા પણ દ્રવ્યમાં નથી. માટે એમ જાણવામાં આવે છે કે શુદ્ધ-પારિણામિકભાવ ધ્યેયરૂપ છે પણ ધ્યાનરૂપ નથી. ત્રિકાળી નિજાનંદ પ્રભુ સમ્યગ્દર્શનના ધ્યેયરૂપ છે પણ ધ્યાનરૂપ નથી; સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રમાં ત્રિકાળી વસ્તુ ધ્યેય છે પણ ત્રિકાળી વસ્તુના અવલંબે પ્રગટેલી અતીન્દ્રિય આનંદની ક્રિયા વસ્તુમાં નથી. માટે એમ જાણવામાં આવે છે કે શુદ્ધ-પારિણામિક પ્રભુ ધ્યેયરૂપ છે, ધ્યાનરૂપ નથી.

શુદ્ધ પારિણામિક વસ્તુ ધ્યેય છે, ધ્યાનમાં લેવા લાયક ધ્યેય છે પણ તે ધ્યાનરૂપ નથી, ધ્યાનમાં લેવા લાયક ધ્યેયરૂપ ત્રિકાળી દ્રવ્ય છે. તેથી શુદ્ધ-પારિણામિકભાવ ધ્યાનરૂપ નથી એમ કહીને આગળ શુદ્ધપર્યાયને કથંચિત્ ભિન્ન કહી હતી તે વાત અહીં સિદ્ધ કરી. અનંત શક્તિનો સમ્રાટ એવો જે ભગવાન આત્મા તે સમ્યગ્દર્શનનું ધ્યેય છે પણ સમ્યગ્દર્શનરૂપ ધ્યાન તેમાં નથી. સમ્યગ્દર્શન ધ્યાન છે ને ત્રિકાળી વસ્તુ ધ્યેય છે. એમ સ્વસંવેદનજ્ઞાન-શાસ્ત્રજ્ઞાન નહીં, પરલક્ષીજ્ઞાન નહીં—તે ધ્યાનરૂપ છે અને નિજાનંદ પ્રભુ ધ્યેયરૂપ છે તે ધ્યાનરૂપ નથી કારણ કે ધ્યાન વિનશ્વર છે, કેમ કે નિશ્ચય મોક્ષમાર્ગ છે તે પર્યાય છે ને મોક્ષ થતાં મોક્ષમાર્ગની પર્યાય નાશ થઈ જાય છે—વ્યય થઈ જાય છે. શુદ્ધ-પારિણામિકભાવ તો અવિનાશી છે, કોઈ પરિણમન થવું કે પરિણમનનો અભાવ થવો એવું તેમાં નથી.

## * જિનવરદેવ જીવ કોને કહે છે? *

શ્રી પરમાત્મપ્રકાશની ૬૮ મી ગાથામાં યોગીન્દ્રદેવ કહે છે કે જિનવરદેવ એમ કહે છે કે જીવ કે જેને અમે નિષ્ક્રિયતત્ત્વ કહીએ છીએ તે પર્યાયમાં આવતો નથી, પર્યાયપણે ઊપજતો નથી. જિનવરદેવ એમ કહે છે હે યોગી! પરમાર્થે જીવ ઊપજતો

નથી, એટલે કે મનુષ્ય-દેવ-તિર્યંચ-નારક કે સિદ્ધગતિમાં ઊપજતો નથી. અનંત તીર્થંકરો એમ કહે છે કે પરમાર્થે જીવ ઊપજતો નથી. જેને નિશ્ચય આત્મા કહીએ તેને નિયમસારની ગાથા ૩૮ મા એમ કહ્યું છે કે ત્રિકાળી પરમાત્મા સ્વરૂપ તે જ આત્મા છે. વ્યવહાર આત્મા અભૂતાર્થ છે, અસત્યાર્થ છે.

જિનવર એમ કહે છે કે નિષ્ક્રિય ધ્રુવવસ્તુ આત્મા જેને કહીએ તે પર્યાયમાં કદી આવતો નથી, કેવળજ્ઞાનની પર્યાયપણે ધ્રુવ કદી ઊપજતો નથી, એ તો પર્યાય ઊપજે છે. પરમાર્થે જીવ ઊપજતો પણ નથી, મરતો પણ નથી. સિદ્ધગતિની પર્યાયનો બીજે સમય વ્યય થાય છે તે ત્રિકાળી ધ્રુવમાં નથી. પર્યાયનું ઉત્પન્ન થવું ને પર્યાયનું વ્યય થવું તે ત્રિકાળી દ્રવ્યમાં નથી. સમ્યગ્દર્શનનો વિષય જે ધ્રુવ તેમાં પર્યાયપણે ઊપજવું કે પર્યાયપણે વ્યય થવું નથી. પર્યાયનો વ્યય થવો તે ધ્રુવ ચીજમાં નથી.

પરમાત્મસ્વરૂપ છે તે બંધ ને મોક્ષના પરિણામને કરતું નથી એમ કોણ કહે છે? —કે અનંત તીર્થંકરો એમ ફરમાવે છે કે ત્રિકાળી ભગવાન પ્રભુ બંધ ને મોક્ષના પરિણામ અને બંધ-મોક્ષના કારણને કરતો નથી. એ તો સદૃશ એકરૂપ ધ્રુવ વસ્તુ છે અને ઉત્પાદ-વ્યય તો વિસદૃશ છે. ઉત્પાદ ભાવ અને વ્યય અભાવ, એ ભાવ-અભાવ વસ્તુમાં ક્યાં છે?—એ તો એકરૂપ ત્રિકાળી ભાવ છે અને તે જ સમ્યગ્દર્શનનો વિષય છે.

## * બંધ-મોક્ષના કારણને કે પરિણામને ન કરે તે જીવ *

જિનવરદેવ એમ કહે છે કે બંધને મોક્ષના કારણને કે પરિણામને નિશ્ચય જીવ કરતો નથી. પરમાર્થે નિશ્ચય જીવ કેવળજ્ઞાન થાય તેમાં ઊપજતો નથી ને વ્યય થાય તેમાં તે આવતો નથી. મનુષ્યગતિપણે ઉત્પાદ ને દેવગતિનો વ્યય તથા દેવગતિનો ઉત્પાદ ને મનુષ્યગતિનો વ્યય એ બન્નેમાં ભગવાન આત્મા આવતો નથી, એ તો નિજાનંદ ધ્રુવ પ્રભુ છે.

શ્રી યોગીન્દ્રદેવ તેના શિષ્યને કહે છે કે હે યોગી! અર્થાત્ સ્વરૂપની પર્યાયને દ્રવ્યસન્મુખમાં જોડેલી છે એવા હે યોગી! જિનવરદેવ એમ કહે છે કે બંધ ને મોક્ષના પરિણામમાં ધ્રુવ-જીવ આવતો નથી. એ ધ્રુવ તો સમ્યગ્દર્શનનો વિષય છે. સર્વજ્ઞ પરમેશ્વર કહે છે કે જે નિશ્ચય આત્મા છે તેની અપેક્ષાએ પર્યાય તે વ્યવહાર આત્મા છે. ત્રિકાળની અપેક્ષાએ પર્યાય એક સમયની હોવાથી તેને ગૌણ કરીને અસત્ કહેવામાં આવી છે, અને ત્રિકાળી ચીજને સત્યાર્થ-ભૂતાર્થ કહેવામાં આવી છે.

હજુ તેને વધુ સ્પષ્ટ કરે છે કે ત્રિકાળી દ્રવ્યના લક્ષે જે અનંતકાળમાં થયું નથી એવું અપૂર્વ સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર થયું તે એકદેશશુદ્ધનયાશ્રિત છે અને કેવળજ્ઞાન છે તે સર્વદેશશુદ્ધનયાશ્રિત છે. વીતરાગી દશા છે તે એકદેશશુદ્ધનયાશ્રિત ભાવના છે, તે એકદેશ શુદ્ધિનો અંશ છે. પૂર્ણ શુદ્ધિ નથી, પૂર્ણ શુદ્ધિ તો કેવળીને હોય છે.

જીવ કે જેને નિશ્ચય આત્મા કહીએ, એક સમયની પર્યાય વિનાનો ત્રિકાળી દ્રવ્ય-સ્વભાવ જેને કહીએ તે સિદ્ધની પર્યાયપણે પણ ઊપજતો નથી ને મનુષ્ય આદિ ગતિની પર્યાયનો વ્યય થાય તેમાં પણ તે આવતો નથી. સમ્યગ્દર્શનનો વિષય ત્રિકાળી ધ્રુવ ચીજ તે અહીં સિદ્ધ કરવી છે.

આત્મા ત્રિકાળી ધ્રુવ ચીજ છે. તેની પ્રાપ્તિ પર્યાયમાં થાય છે, એ પર્યાય ધ્રુવમાં નથી. એ પર્યાય એટલે વીતરાગી સહજાનંદ સુખાનુભૂતિલક્ષણ સ્વસંવેદનજ્ઞાન, તેનાથી આત્મા જણાય એવો છે. ધ્રુવથી ધ્રુવ ન જણાય કારણ કે જાણવાની પર્યાયનો તો ધ્રુવમાં અભાવ છે. એવો ધ્રુવ છે તે ઊપજતો નથી, મરતો નથી, બંધ-મોક્ષ કરતો નથી, તેને આત્મા કહે છે. નિશ્ચય આત્મા કે જે એક સમયની પર્યાય વિનાનો છે તે બંધ-મોક્ષને કરતો નથી.

### ※ સુખાનુભૂતિલક્ષણ સ્વસંવેદનજ્ઞાનમય ઉપશમ આદિ ભાવો ※

વળી તે સ્પષ્ટ કરવામાં આવે છે:—વિવક્ષિત-એકદેશ-શુદ્ધનયાશ્રિત આ ભાવના (અર્થાત્ કહેવા ધારેલી આંશિક શુદ્ધિરૂપ આ પરિણતિ) નિર્વિકાર-સ્વસંવેદનલક્ષણ ક્ષાયોપશમિકજ્ઞાનરૂપ હોવાથી જોકે એકદેશ વ્યક્તિરૂપ છે તોપણ ધ્યાતા પુરુષ એમ ભાવે છે કે 'જે સકલનિરાવરણ-અખંડ-એક-પ્રત્યક્ષપ્રતિભાસમય-અવિનશ્વર-શુદ્ધપારિણામિકભાવલક્ષણ નિજપરમાત્મદ્રવ્ય તે જ હું છું', પરંતુ એમ ભાવતો નથી કે 'ખંડ-જ્ઞાનરૂપ હું છું.' —આમ ભાવાર્થ છે.

આ વ્યાખ્યાન પરસ્પર સાપેક્ષ એવાં આગમ-અધ્યાત્મના તેમ જ નયદ્વયના (દ્રવ્યાર્થિક-પર્યાયાર્થિકનયના) અભિપ્રાયના અવિરોધપૂર્વક જ કહેવામાં આવ્યું હોવાથી સિદ્ધ છે (-નિર્બાદ્ધ છે) એમ વિવેકીઓએ જાણવું.

—ગુજરાતી ટીકા

વળી તે સ્પષ્ટ કહે છે કે વિવક્ષિત—કહેવામાં આવેલું જે એકદેશ—એકભાગ-શુદ્ધનયાશ્રિત એવી ભાવના એટલે કે પરમાનંદસ્વરૂપ ત્રિકાળીને પ્રાપ્ત કરનારી આ

પર્યાય કે જેમાં ધ્રુવ વસ્તુ જાણવામાં આવે છે તે પર્યાય કેવી છે?—કે વીતરાગી આનંદના લક્ષણવાળી સ્વસંવેદનદશા તે એકદેશશુદ્ધનયાશ્રિત ભાવનારૂપ દશા છે. કહેવા માગેલી આ આંશિક નિર્મળ પરિણતિ કે જે પ્રગટ પર્યાય છે તે એકદેશશુદ્ધનયાશ્રિત ભાવના છે. તે ભાવના કે જે મોક્ષનો માર્ગ છે તેમાં જ્ઞાન કેવું છે?—કે નિર્વિકાર-સ્વસંવેદન લક્ષણવાળું ક્ષયોપશમજ્ઞાન છે. મોક્ષમાર્ગની પર્યાય ઉપશમ-ક્ષયોપશમ-ક્ષાયિક એ ત્રણ ભાવ છે પણ તેમાં જ્ઞાન કેવું છે?—કે તેમાં ઉપશમજ્ઞાન-ક્ષયોપશમજ્ઞાન-ક્ષાયિકજ્ઞાન છે એમ નથી પણ એ ત્રણભાવોમાં જે છે તે નિર્વિકાર-સ્વસંવેદન લક્ષણવાળું ક્ષયોપશમજ્ઞાન છે.

ત્રણ ભાવમાં ક્ષયોપશમજ્ઞાન છે અને તે નિર્વિકારી આનંદરૂપ સ્વસંવેદન લક્ષણવાળું છે. સમ્યગ્દર્શનમાં ક્ષયોપશમજ્ઞાન છે તે કેવું છે? —કે નિર્વિકાર-સ્વસંવેદન લક્ષણવાળું છે, એમ કહીને એમાં કહે છે કે શાસ્ત્રજ્ઞાન છે તે કાર્ય નહીં કરે પણ નિર્વિકારી સ્વસંવેદનજ્ઞાન છે તે કાર્ય કરે છે, તેને અહીં ક્ષયોપશમજ્ઞાન કહે છે. સમ્યગ્દર્શન થતાં જે જ્ઞાન છે તે ક્ષયોપશમજ્ઞાન છે, ભલે ક્ષાયિક સમ્યગ્દર્શન હો પણ જ્ઞાન તો ક્ષયોપશમજ્ઞાન છે.

### * જ્ઞાની એમ જાણે છે કે જગતના બધા જીવો પરમાત્મસ્વરૂપ છે *

એવી જ રીતે બંધ અધિકારમાં શ્રી જયસેનાચાર્યદેવ કહે છે કે અજ્ઞાનનો-મિથ્યાત્વનો-રાગ-દ્વેષનો જે બંધ છે તેના વિનાશ અર્થે વિશેષ ભાવના કહીએ છીએ: સ્વાભાવિક શુદ્ધ જ્ઞાનાનંદ તે હું છું. દયા-દાનના વિકલ્પ તો નહીં પણ એક સમયની પર્યાય તે પણ હું નહીં. પર્યાય તો નિર્ણય કરે છે કે આ સહજ-શુદ્ધ જ્ઞાનાનંદ સ્વરૂપ તે હું છું. હું સ્વાભાવિક શુદ્ધ જ્ઞાનાનંદ સ્વરૂપ છું અને ત્રણ કાળના ત્રણ-લોકના સર્વે જીવો નિર્વિકલ્પ સહજ શુદ્ધ જ્ઞાનાનંદ સ્વરૂપ છે. ત્રણલોકમાં સર્વ જીવો એવા છે એમ કોણ ભાવના કરે છે?—કે જેને સમ્યગ્દર્શનની પર્યાયમાં નિર્વિકલ્પ શુદ્ધ ચીજનો અનુભવ થયો છે, જેને અંતર આનંદના સ્વાદમાં દ્રવ્ય-સ્વભાવનો અનુભવ થયો છે તે એમ જાણે છે કે બધા જીવો આવા છે, ભવી અને અભવી બધા જ જીવો આવા છે. મન-વચન-કાયાના વેપાર રહિત હું છું અને બીજા બધાં જીવો પણ મન-વચન-કાયાના વેપાર રહિત છે.

હું અભેદ છું, નિર્વિકલ્પ છું એમ સમ્યગ્દષ્ટિ પોતાના આત્માને જાણે છે અને એ રીતે બધા જીવોને જાણે છે. નિગોદના જીવો પણ ભગવાન આત્મા છે એમ સમ્યગ્દષ્ટિ ભાવે છે. મન-વચન-કાયાથી કરવું, કરાવવું ને એમ અનુમોદવું કે હું જેવો છું તેવા જ બધા જીવો પૂર્ણાનંદ સ્વરૂપ ભગવાન છે. સમ્યગ્દષ્ટિ જીવ બધા જીવને

એવી રીતે જોવે છે. સૂક્ષ્મ નિગોદનાં જીવનું જે દ્રવ્ય છે તે શુદ્ધ ચિદ્દઘન આનંદકંદ છે એમ સમ્યગ્દષ્ટિ જોવે છે.

### * સ્વસંવેદનજ્ઞાનથી ગમ્ય આત્મા *

નિશ્ચય મોક્ષમાર્ગ છે તે નિર્વિકલ્પ સમાધિ છે. તેનાથી ઉત્પન્ન થયેલ અતીન્દ્રિય આનંદનો અનુભવ જેનું લક્ષણ છે એવું સ્વસંવેદજ્ઞાન તે જ્ઞાન છે, શાસ્ત્રભણતર તે જ્ઞાન નથી, પણ નિર્વિકાર-સ્વસંવેદનલક્ષણ તે જ્ઞાન છે. સુખાનુભૂતિમાત્રલક્ષણ સ્વસંવેદનજ્ઞાનથી આત્મા જણાય તેવો છે, તે સિવાય જણાય તેવો નથી. નિર્વિકારી-સ્વસંવેદનજ્ઞાનથી જણાય તેવો છે પણ ભગવાનની વાણીથી જણાય નહીં, ભગવાનની ભક્તિથી જણાય નહીં. આનંદની અનુભૂતિના સ્વસંવેદનજ્ઞાનથી જણાય એવો હું છું અને બધા આત્માઓ પણ એના સ્વસંવેદનજ્ઞાનથી એને જણાય એવા છે.

વીતરાગ સહજ સુખાનુભૂતિમાત્રલક્ષણ સ્વસંવેદનજ્ઞાનથી જણાય એવો આત્મા હું છું, કેવો હું છું?—કે અનંતજ્ઞાન, અનંત આનંદ આદિ સ્વભાવથી ભરેલો આત્મા હું છું અને બધા ભગવાન આત્મા પણ એવા છે. વળી કેવો છું?—કે મન-વચન-કાયાના વેપારથી ને દયા-દાન-વ્રત-ભક્તિના ભાવથી હું ભિન્ન છું એમ સમ્યગ્દષ્ટિ જાણે છે સર્વ વિકલ્પ વિભાવથી રહિત છું. જે ભાવે તીર્થંકરગોત્ર બંધાય તે ભાવ વિભાવભાવ છે, તેનાથી રહિત હું છું, સર્વ વિકારી પર્યાયથી શૂન્ય અને મારી અનંત શક્તિથી ભરેલો છું—એમ સમ્યગ્દષ્ટિ પોતાની સમ્યગ્દર્શનની પર્યાયમાં આત્માને જાણે છે, માને છે, અનુભવે છે.

સમકિતીને ઉપશમસમકિત હો, ક્ષયોપશમિકસમકિત હો કે ક્ષાયિકસમકિત હો પણ તે જ્ઞાન તો ક્ષયોપશમ છે, ક્ષાયિકજ્ઞાન તો કેવળીને જ હોય, નીચલી ભૂમિકા-વાળાને ચોથા-પાંચમા આદિ ગુણસ્થાનવાળા છદ્મસ્થને તો જ્ઞાન ક્ષાયોપશમિક જ હોય છે, તે ક્ષયોપશમજ્ઞાનનું લક્ષણ શું?—કે નિર્વિકારી આનંદ સહિત જે જ્ઞાન હોય તેને સમકિતિનું ક્ષયોપશમજ્ઞાન કહેવામાં આવે છે. સમ્યગ્દર્શન થતાં, આત્મ-અનુભવ થતાં તેની પર્યાયમાં આખો આત્મા આવતો નથી પણ બધી શક્તિઓ પર્યાયમાં એકદેશ પ્રગટ થાય છે. તારો આત્મા તને શેનાથી જણાય?—કે આનંદની અનુભૂતિ સહિતના સ્વસંવેદનજ્ઞાનથી આત્મા જણાય એવો છે, જ્યારે અનંત શક્તિઓ એક અંશે પર્યાયમાં પ્રગટ થાય ત્યારે આત્મા જણાય છે.

### * ધ્યાતા પુરુષ શું ધ્યાવે છે?

જેને આત્મા જણાયો છે એવો ધ્યાતા પુરુષ, ધર્મીજીવ કે જેને સ્વસંવેદન આનંદની અનુભૂતિ સહિતનું જ્ઞાન એક અંશે પ્રગટયું છે, તે પ્રગટેલી દશાનું ધ્યાન

ધ્યાની-જ્ઞાની કરતો નથી. અનુભવની જે પર્યાય છે તે એકદેશ પ્રગટ પર્યાયરૂપ છે, છતાં ધ્યાતા પુરુષ-ધ્યેયનું ધ્યાન કરનારો પુરુષ તે પ્રગટ પર્યાયનું ધ્યાન કરતો નથી. ધર્મી કોનું ધ્યાન કરે છે?-ધર્મી જીવને સમ્યગ્દર્શનની પર્યાય પ્રગટી છે છતાં પ્રગટેલાનું ધ્યાન કરતો નથી, તો કોનું ધ્યાન કરે છે?—કે એક સમયની પાછળ બિરાજમાન જે સકળ-નિરાવરણ-અખંડ-એક-પ્રત્યક્ષપ્રતિભાસમય-અવિનશ્વર-શુદ્ધ-પારિણામિકભાવલક્ષણ-નિજપરમાત્મદ્રવ્યનું ધ્યાન કરે છે. સમ્યગ્દષ્ટિનું ધ્યેય શું? સમ્યગ્દષ્ટિ ધર્મીનો વિષય શું?—કે જે ત્રિકાળી આત્મા તે એનો વિષય છે કે જે સકળ-નિરાવરણ એક અખંડ વસ્તુ છે.

જ્ઞાનની વર્તમાન પર્યાયમાં અખંડ-એક-પ્રતિભાસમય વસ્તુ છે તે જણાય છે, ભલે મતિ-શ્રુતજ્ઞાન હો પણ તેમાં અખંડ-એક-પ્રતિભાસમય આત્મા પ્રત્યક્ષ જણાય છે. પ્રત્યક્ષ ભગવાન શુદ્ધ ચૈતન્યઘન આનંદકંદ વસ્તુ છે તે પર્યાયમાં પ્રત્યક્ષ જણાય જાય છે. એવો જે આત્મા છે તે અવિનશ્વર છે-કોઈ દી નાશ થતો નથી. પર્યાય છે તે બદલે છે પણ વસ્તુ છે તે ત્રિકાળ નિજાનંદ ધ્રુવ વસ્તુ છે. શુદ્ધ-પારિણામિક પરમભાવ જેનું લક્ષણ છે, ત્રિકાળી શુદ્ધ સ્વભાવભાવ જેનું લક્ષણ છે, એવું નિજ-પરમાત્મદ્રવ્ય તે જ હું છું-એમ ધ્યાતા પુરુષ ધ્યાવે છે. ઉઘડેલી પર્યાય તે હું છું એમ નહીં પણ ઉઘડેલી પર્યાય એમ કહે છે કે આ ત્રિકાળી દ્રવ્ય તે હું છું. સમ્યગ્દર્શનની ઉઘડેલી પર્યાય છે તે એમ કહે છે કે આ ત્રિકાળી છે તે હું છું, પરન્તુ ક્ષયોપશમજ્ઞાન પ્રગટયું છે તે હું છું એમ ધ્યાતા પુરુષ ભાવતો નથી. સમ્યગ્દર્શન ને આનંદ સહિત જ્ઞાનની પર્યાય પ્રગટેલી છે તેનું ધ્યાતા પુરુષ ધ્યાન નથી કરતો; હું ખંડ જ્ઞાનરૂપ છું એમ સમ્યગ્દષ્ટિ નથી ભાવતો, પણ પ્રત્યક્ષ પ્રતિભાસમય નિજપરમાત્મદ્રવ્ય હું છું —એમ જ્ઞાની પુરુષ ધ્યાવે છે.

એ રીતે ભગવાને કહેલાં આગમ અને અધ્યાત્મની સાપેક્ષ આ વાત કરી છે. ધ્રુવ વસ્તુ ત્રિકાળી છે તે નિશ્ચયનયનો વિષય છે અને વર્તમાન દશા ક્ષણિક છે તે પર્યાયનયનો વિષય છે-એમ બે નયની અપેક્ષાએ પરસ્પર વાત કરી છે. નયદ્રયના અભિપ્રાયના અવિરોધ પૂર્વક કહેવામાં આવ્યું છે. આત્મદ્રવ્ય નિશ્ચયથી શુદ્ધ છે ને પર્યાયમાં ભેદ છે એમ નિશ્ચય ને વ્યવહારના અભિપ્રાયના અવિરોધ પૂર્વક આ વાત કહેવામાં આવી છે. પર્યાય તે વ્યવહાર અને ત્રિકાળી તે નિશ્ચય છે-એમ બન્ને નયના અવિરોધ પૂર્વક આ કથન કરવામાં આવ્યું છે તેથી નિર્દોષ, નિર્બાધ છે-એમ વિવેકીઓએ આ રીતે જાણવું.

—*—

✻ અપૂર્વ શાન્તિનો ઉપાય દર્શાવનારું આધ્યાત્મિ-પ્રકાશન ✻

# સૂચિ-પત્ર

પ્રકાશક : શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ સોનગઢ-૩૬૪૨૫૦ (સૌરાષ્ટ્ર)

## મૂળ શાસ્ત્ર

| | |
|---|---|
| શ્રી સમયસાર | ૬૫-૦૦ |
| ,, પ્રવચનસાર | ૪૫-૦૦ |
| ,, प्रवचनसार | ५०-०० |
| ,, નિયમસાર | ૩૫-૦૦ |
| ,, नियमसार | ४०-०० |
| ,, पंचास्तिकायसंग्रह | ३०-०० |
| ,, પંચાસ્તિકાયસંગ્રહ | ૨૫-૦૦ |
| ,, પરમાત્મપ્રકાશ | ૧૧-૨૫ |
| ,, યોગસારપ્રાભૃત | ૮-૨૫ |
| ,, આત્માનુશાસન | ૨૦-૦૦ |
| ,, પદ્મનંદિ-પંચવિંશતિ | પ્રેસમાં |
| ,, स्वामीकार्तिकेयानुप्रेक्षा | १०-०० |
| ,, સ્વામીકાર્તિકેનુપ્રેક્ષા | ૨૭-૦૦ |
| ,, ઇષ્ટોપદેશ | પ્રેસમાં |
| ,, સમાધિતંત્ર | ૧૫-૦૦ |
| ,, पुरुषार्थसिद्धि-उपाय | — |
| ,, પુરુષાર્થસિદ્ધિ-ઉપાય | ૫-૦૦ |
| ,, સમયસાર-કલશ | ૨૭-૦૦ |
| ,, નાટક સમયસાર | ૩૨-૦૦ |
| ,, नाटक समयसार | — |
| ,, તત્ત્વજ્ઞાનતરંગિણી | ૧૦-૦૦ |
| ,, तत्त्वज्ञानतरंगिणी | — |
| ,, ચિદ્‌વિલાસ | ૧-૭૫ |
| ,, चिद्‌विलास | — |
| ,, અનુભવપ્રકાશ | ૭-૦૦ |
| ,, अनुभवप्रकाश | ५-०० |
| ,, સત્તાસ્વરૂપ | ૫-૦૦ |
| श्री सत्तास्वरूप | ५-०० |
| ,, आत्म-अवलोकन | — |
| ,, मोक्षमार्गप्रकाशक | ३२-०० |
| ,, છ-ઢાળા | — |
| श्री छ-ढाला | १०-०० |
| ,, ગુરુદેવશ્રીનાં વચનામૃત | ૧૫-૦૦ |
| ,, બહેનશ્રીનાં વચનામૃત | પ્રેસમાં |
| ,, बहिनश्रीके वचनामृत | १५-०० |
| ,, બેનશ્રીનાં વચનામૃત મરાઠી | ૧૫-૦૦ |
| ,, દ્રવ્યદૃષ્ટિ પ્રકાશ | ૪-૫૦ |
| ,, द्रव्यदृष्टि प्रकाश | १५-०० |
| ,, આલોચના | પ્રેસમાં |
| ,, પંચસ્તોત્ર સંગ્રહ | ૭-૦૦ |
| ,, સમંતભદ્ર-સ્તોત્ર-ત્રયી | ૭-૦૦ |
| ,, જૈન સિદ્ધાંત પ્રવેશિકા (૫ અધ્યાયવાળા) | પ્રેસમાં |
| ,, जैन सिद्धांत प्रवेशिका ( ,, ) | ५-०० |
| ,, સમયસાર હરિગીત | — |
| ,, પ્રવચનસાર હરિગીત | ૩-૦૦ |
| ,, અષ્ટપ્રાભૃત (હરિગીત) | ૫-૦૦ |
| ,, समाधितन्त्र (गुटको) | — |

## પ્રવચન સાહિત્ય

| | | |
|---|---|---|
| શ્રી પ્રવચનરત્નાકર | ભાગ-૨ | ૫-૦૦ |
| ,, ,, ,, | ભાગ-૩ | ૬-૦૦ |
| ,, ,, ,, | ભાગ-૪ | ૭-૫૦ |
| ,, ,, ,, | ભાગ-૫ | ૮-૦૦ |
| ,, ,, ,, | ભાગ-૬ | ૭-૦૦ |
| ,, ,, ,, | ભાગ-૭ | ૮-૦૦ |

| | |
|---|---|
| શ્રી પ્રવચનરત્નાકર ભાગ-૮ | ૧૦-૦૦ |
| ,, ,, ,, ભાગ-૯ | ૧૦-૦૦ |
| ,, ,, ,, ભાગ-૧૦ | ૧૨-૦૦ |
| ,, ,, ,, ભાગ-૧૧ | ૧૪-૦૦ |
| ,, પ્રવચન રત્નચિંતામણિ | ૨૫-૦૦ |
| ,, પંચાધ્યાયી | ૪૦-૦૦ |
| ,, સમયસાર પ્રવચન ભાગ-૧/૨ | પ્રેસમાં |
| ,, ,, ,, ભાગ-૩ | ,, |
| ,, ,, ,, ભાગ-૪ | ૩૦=૦૦ |
| ,, ,, ,, ભાગ-૫ | ૩૦=૦૦ |
| श्री समयसार प्रवचन भाग-२ | — |
| ,, ,, ,, भाग-३ | ३०=०० |
| ,, ,, ,, भाग-४ | ३०=०० |
| ,, ઇષ્ટોપદેશ પ્રવચન | ૨૧=૦૦ |
| ,, આત્મભાવના ( સમાધિતંત્ર પર પ્રવચનો ) | — |
| ,, પરમાગમસાર | ૧૧=૨૫ |
| ,, परमागमसार | १५-०० |
| ,, વચનામૃત-પ્રવચન ભાગ-૧ | ૧૨=૦૦ |
| ,, ,, ,, ભાગ-૨ | ૧૨=૦૦ |
| ,, ,, ,, ભાગ-૩ | — |
| ,, ,, ,, ભાગ-૪ | ૧૨=૦૦ |
| ,, આત્મસિદ્ધિ શાસ્ત્ર પર પ્રવચનો | ૩૫=૦૦ |
| ,, પ્રવચન પીયૂષ | ૧૮=૦૦ |
| ,, અનુભવપ્રકાશ પ્રવચન | ૨૨=૦૦ |
| ,, શ્રાવકધર્મ પ્રકાશ | ૧૧=૦૦ |
| ,, રત્નકરંડશ્રાવકાચાર | ૨૫=૦૦ |
| ,, सम्यग्ज्ञान दीपिका | १३-०० |
| ,, સમ્યગ્જ્ઞાન દીપિકા | ૧૩-૦૦ |
| ,, અધ્યાત્મસંદેશ | ૫-૫૦ |
| ,, ધર્મની ક્રિયા | — |
| ,, વસ્તુવિજ્ઞાનસાર | ૬-૦૦ |

| | |
|---|---|
| श्री वस्तुविज्ञानसार | ८-०० |
| ,, વીતરાગ-વિજ્ઞાન ( છ ઢાળા પ્રવચન ) ભાગ-૧ | — |
| ,, ,, ,, ભાગ-૨ | ૬-૦૦ |
| ,, ( છ ઢાળા પ્રવચન ) ભાગ-૪ | ૬-૦૦ |
| श्री वीतराग-विज्ञान ( छ ढाला प्रवचन ) भाग-१ | ६-०० |
| ,, ,, ,, २ | ६-०० |
| श्री वीतराग-विज्ञान ( छ ढाला प्रवचन ) भाग-३ | ६-०० |
| ,, धन्यावतार | २-०० |
| ,, ધન્યાવાર | ૨-૦૦ |

## પૂજા ભક્તિ-સ્વાધ્યાય

| | |
|---|---|
| શ્રી જિનેન્દ્ર પૂજાપલ્લવ | ૫-૦૦ |
| ,, જિનેન્દ્ર પૂજા પ્રસાદ ને સ્વાધ્યાય સુધા | પ્રેસમાં |
| ,, दशलक्षण विधानपूजा | ६-०० |
| ,, विधान-पूजा संग्रह | २०-०० |
| ,, सिद्धचक्र विधान पूजा | २०-०० |
| ,, નંદીશ્વરભજન-પૂજન સંગ્રહ | ૬-૦૦ |
| ,, જિનેન્દ્ર ભજનમાળા | ૯-૦૦ |
| ,, જિનેન્દ્ર સ્તવન મંજરી | ૨૦-૦૦ |
| ,, સમવસરણ સ્તુતિ | પ્રેસમાં |
| ,, ગુરુ-સ્તુતિ આદિ સંગ્રહ | ૭-૦૦ |
| ,, શાસ્ત્રસ્વાધ્યાય | ૧૫-૦૦ |
| ,, शास्त्रस्वाध्याय | — |
| ,, पञ्चमेरुनन्दीश्वर विधान पूजा | १०-०० |
| ,, जिनसहस्रवसुनाम पूजा | २५-०० |
| ,, જિનેન્દ્ર સ્તવનમાળા | ૧૧-૦૦ |
| ,, મહાવીર ભજનપૂજન | ૫-૦૦ |
| ,, જિનેન્દ્ર પૂજા સંગ્રહ | ૨૫-૦૦ |

## અન્ય

| | |
|---|---|
| શ્રી પૂજ્ય બહેનશ્રી ચંપાબેન અભિનંદન ગ્રંથ | ૮૦–૦૦ |
| ,, આત્મધર્મ જન્મશતાબ્દિ વિશેષાંક | ૨૦–૦૦ |
| ,, आत्मधर्म जन्म शताब्दि विशेषांक | २०–०० |
| શ્રી પૂજ્ય બેનશ્રીની સાધના અને વાણી | ૫૦=૦૦ |
| ,, દ્વાદશ–અનુપ્રેક્ષા | ૨=૦૦ |
| ,, તત્ત્વાનુશીલન | ૨=૦૦ |
| ,, જૈન સિદ્ધાંત પ્રશ્નોત્તરમાળા | ૧૫=૦૦ |
| ,, મૂળમાં ભૂલ | ૮=૦૦ |
| પૂજ્ય સોગાનીજીનાં આધ્યાત્મિ પત્રો | ૨=૦૦ |
| શ્રી જ્ઞાનામૃત | ૨=૦૦ |
| ,, ज्ञानामृत | २=०० |
| ,, અધ્યાત્મ પરાગ | ૩=૦૦ |
| ,, નિર્ભ્રાંતદર્શનની કેડીએ | ૨=૦૦ |
| ,, दंसणमूलो धम्मो | १=०० |
| ,, બીજું કાંઈ શોધમાં | ૩=૦૦ |
| ,, दूसरा कुछ न खोज | ३=०० |
| ,, ભગવાન આત્મા | ૩=૦૦ |
| ,, विधि-विज्ञान | ३=०० |
| ,, પ્રતિક્રમણ | ૧૫=૦૦ |
| ,, जैन सिद्धांत प्रश्नोत्तरमाला भा–२ | ५=०० |
| ,, ,, ,, ,, भाग–३ | ५=०० |
| ,, શોર્ટ રીડર (English) | — |
| ,, જૈન બાળપોથી ભાગ–૧ | ૪=૦૦ |
| ,, ,, ,, ભાગ–૨ | ૬=૦૦ |
| ,, जैन बालपोथी भाग–१ | ४=०० |
| ,, जैन बालपोथी भाग–२ | ६=०० |
| ,, જૈન પ્રાયમર (અંગ્રેજી) | ૧૦–૦૦ |
| ,, મહારાણી ચેલણા | પ્રેસમાં |
| ,, ભગવાન પારસનાથ | ૯=૦૦ |
| ,, જંબૂસ્વામી ચરિત્ર | — |
| શ્રી અધ્યાત્મ યુગપુરુષ શ્રીકાનજીસ્વામી | ૪=૦૦ |
| ,, अध्यात्म युगपुरुष श्री कानजीस्वामी | ४=०० |
| ,, અધ્યાત્મદૃષ્ટા | — |
| ,, બહેનશ્રીની જીવન ઝરમર | — |
| ,, અહિંસા પરમો ધર્મ | ૨=૦૦ |
| ,, अहिंसा परमो धर्म | २=०० |
| ,, આરાધના | ૧=૦૦ |
| ,, પરમાગમ મહોત્સવ પત્રિકા | ૪=૦૦ |
| ,, પથપ્રકાશ | ૩=૦૦ |
| ,, દ્વાદશ અનુપ્રેક્ષા | ૨=૦૦ |
| ,, દશલક્ષણ ધર્મ | ૬=૦૦ |
| ,, તત્ત્વાનુશીલન | ૨=૦૦ |
| ,, પરિચય પુસ્તિકા | ૧=૦૦ |
| ,, परिचय पुस्तिका | १=०० |
| ,, પરિચય પુસ્તિકા (English) | ૧=૦૦ |
| ,, પરમ પૂજ્ય શ્રી કાનજીસ્વામીનું જીવન અને સંદેશ (English) | ૪=૦૦ |
| ,, આત્મધર્મ ફાઈલ | ૩=૦૦ |
| ,, ધન્યકુમાર ચરિત્ર | ૬=૦૦ |
| ,, જિન શાસન સત્ત્વં | ૮=૦૦ |
| ,, प्रयोजन सिद्धि | २=०० |
| ,, जिनशासनसत्त्वं | ८=०० |

## ફોટા

| | |
|---|---|
| પાસપોર્ટ સાઈઝ ફોટા | ૧=૦૦ |
| એલ્યુ. ફ્રેમવાળા ફોટા | ૧૦=૦૦ |
| નિત્યદર્શન | ૪=૦૦ |
| ગુરુદેવ જીવન દર્શન (કેલેન્ડર) | ૧૫=૦૦ |
| સ્ટીકર | ૧=૦૦ |
| ટાઈલ્સ (ગુરુદેવશ્રીનાં ચરણ ચિહ્ન) | ૧૦=૦૦ |
| ,, (ગુરુદેવશ્રીનો ફોટો) | ૭=૦૦ |
| મેગ્નેટ | ૭=૦૦ |

## લેમીનેશન ફોટા

| | |
|---|---|
| ૮"×૧૦" ૫૦=૦૦ | ૧૬"×૨૦" ૩૨૫=૦૦ |
| ૯"×૧૪" ૧૭૫=૦૦ | ૧૨"×૧૫" ૧૨૫=૦૦ |

[તા. ૭-૭-૯૫]

## સુવર્ણપુરી સમાચાર

—તંત્રી

અધ્યાત્મતીર્થક્ષેત્ર શ્રી સુવર્ણપુરીનું ધાર્મિક વાતાવરણ, અનંત-ઉપકારમૂર્તિ પરમ પૂજ્ય ગુરુદેવ શ્રી કાનજીસ્વામી તેમ જ તેમના પરમ ભક્ત પ્રશમમૂર્તિ પૂજ્ય બહેનશ્રી ચંપાબહેનના કલ્યાણવર્ષી પુણ્ય-પ્રતાપે, આદરણીય પં. શ્રી હિંમતલાલભાઈ જે. શાહના જ્ઞાન-વૈરાગ્ય-ભક્તિભીના મધુર તત્ત્વાવધાનમાં અધ્યાત્મજ્ઞાનના પાવન ગુંજારવથી સદાય પ્રફુલ્લિત રહે છે, તેમ જ નીચે પ્રમાણે ધાર્મિક કાર્યક્રમ પ્રતિદિન નિયમિત ચાલી રહ્યો છે.

પ્રાતઃ પૂજ્ય બહેનશ્રીના નિવાસસ્થાને તેઓશ્રીની ધર્મચર્ચાની ઓડિયો-ટેપ

પ્રાતઃ જિનેન્દ્ર-દર્શન-પૂજા

સવારે ૮-૩૦ થી ૯-૩૦ : શ્રી સમયસાર પર પૂજ્ય ગુરુદેવશ્રીનું આધ્યાત્મિક ટેપ-પ્રવચન

સવારે ૧૦-૦૦ થી ૧૦-૪૫ : પુરુષો માટે શિક્ષણવર્ગ

બપોરે ૩-૩૦ થી ૪-૩૦ : 'બહેનશ્રીની સાધના અને વાણી' ઉપર બ્ર. શ્રી ચંદુભાઈ દ્વારા વાંચન

બપોરે ૪-૩૦ થી ૪-૪૫ : પૂજ્ય બહેનશ્રીના ચિત્રપટ સમક્ષ સ્તુતિ

બપોરે ૪-૪૫ થી ૫-૩૦ : જિનેન્દ્રભક્તિ

સાંજે ૮-૦૦ થી ૯-૦૦ : પૂજ્ય ગુરુદેવશ્રીનું 'શ્રી પરમાત્મપ્રકાશ' ઉપર ભાવવાહી ટેપ-પ્રવચન.

[તા. ૨૪-૭-૯૫ થી તા. ૧૨-૮-૯૫]

અધ્યાત્મસાધનાતીર્થ શ્રી સુવર્ણપુરીમાં પુરુષો માટે

## 卐 જૈન ધાર્મિક શિક્ષણવર્ગ 卐

સ્વાનુભવમુદ્રિત અધ્યાત્મવિદ્યાના પ્રબળ પ્રવર્તક પરમોપકારી પૂજ્ય સદ્ગુરુદેવ શ્રી કાનજીસ્વામીની પવિત્ર સાધનાભૂમિ શ્રી સોનગઢમાં તા. ૨૪-૭-૯૫ બુધવાર થી તા. ૧૨-૮-૯૫ શનિવાર સુધી વીસ દિવસના ધાર્મિક શિક્ષણવર્ગનું આયોજન કરવામાં આવ્યું છે. શિક્ષણેચ્છુ મહાનુભાવોને સાદર નિમંત્રણ છે. શિક્ષણાર્થી પુરુષો માટે આવાસ-ભોજન-વ્યવસ્થા નિઃશુલ્ક છે.

* રક્ષાબંધનપર્વ અને સમ્યક્ત્વ સાધના ધામની યાત્રા :—

શ્રાવણ સુદ-૧૫, ગુરુવાર, તા. ૧૦-૮-૯૫ ના રોજ શ્રી રક્ષાબંધનપર્વ—શ્રી વિષ્ણુકુમાર મુનિરાજ દ્વારા શ્રી અકમ્પનાચાર્યાદિ ૭૦૦ મુનિવરોની ઉપસર્ગથી રક્ષાનો પર્વ છે. —આ રક્ષાબંધન પર્વના દિને, પૂજ્ય બહેશ્રીની સમ્યક્ત્વસાધનાભૂમિ વાંકાનેર (સૌરાષ્ટ્ર)માં શ્રી સીમંધરસ્વામીના સમવસરણમંદિરની શિલાન્યાસવિધિ સવારે ૧૧ વાગ્યે રાખવામાં આવી છે. આ શિલાન્યાસવિધિનો લાભ લઈ શકાય તે માટે વાંકાનેર-સમ્યક્ત્વસાધનાધામની યાત્રાનું આયોજન કરવામાં આવ્યું છે. સોનગઢથી વાંકાનેર જવા માટે બસોની વ્યવસ્થા રાખવામાં આવી છે.

---

પૂજ્ય બહેનશ્રીની સમ્યક્ત્વસાધનાભૂમિ વાંકાનેર (સૌરાષ્ટ્ર)માં નિર્માણ આયોજનાધીન શ્રી સીમંધરસ્વામીના સમવસરણ મંદિરનો

## 卐 શિલાન્યાસ–મહોત્સવ 卐

[ તા. ૧૦-૮-૯૫, રક્ષાબંધનપર્વ ]

વર્તમાન અધ્યાત્મયુગના સ્રષ્ટા, સ્વાનુભૂતિમાર્ગ પ્રકાશક, તારણહાર ઉપકારમૂર્તિ પૂજ્ય ગુરુદેવશ્રીના ભક્તરત્ન પ્રશમમૂર્તિ ભગવતીમાતા પૂજ્ય બહેનશ્રીની સમ્યક્ત્વ-સાધનાભૂમિ વાંકાનેરમાં, શ્રી વર્ધમાનસ્વામી દિ. જિન-મંદિરના પરિસરમાં વિદેહીનાથ શ્રી સીમંધરસ્વામીનું — મુનિસભામાં વંદનમુદ્રાયુક્ત ભગવત્ કુંદકુંદાચાર્યદેવના ખડ્ગાસનસ્થ નિર્ગ્રન્થ બિંબ સહિતનું— સંગમરમરનિર્મિત ભવ્ય સમવસરણના નવનિર્માણનું આયોજન શ્રી વાંકાનેર દિ. જૈન સંઘે નક્કી કર્યું છે. તેની શિલાન્યાસવિધિ શ્રાવણ સુદ-૧૫, ગુરુવાર, તા. ૧૦-૮-૯૫, રક્ષાબંધનપર્વના શુભ દિને સવારે ૧૧ વાગ્યે સોનગઢ નિવાસી શ્રી વ્રજલાલ જેઠાલાલ શાહ પરિવાર તથા ઊંડા આદર્શ આત્માર્થી, પંડિતરત્ન આદરણીય શ્રી હિમ્મતલાલ જેઠાલાલ શાહના શુભ હસ્તે કરવામાં આવશે. આ શુભ પ્રસંગે સોનગઢથી વાંકાનેર જવા માટે સોનગઢથી બસોની વ્યવસ્થા રાખવામાં આવી છે.

## * તિથિ સંબંધી ભૂલસુધાર *

સૂચના :—સોનગઢથી પ્રકાશિત વિ. સં. ૨૦૫૧ના જૈનતિથિદર્પણમાં શ્રાવણ-માસના ખાનામાં 'વદ ૧૩નો ક્ષય' છપાયો છે, તેને બદલે 'સુદ ૧૩નો ક્ષય) સમજવો. આ ભૂલસુધારથી પૂજ્ય બહેનશ્રી ચંપાબહેનના ૮૨મા જન્મજયંતી-મહોત્સવના તિથિ-તારીખ-વાર જૂન માસના 'આત્મધર્મ' પત્રમાં જે "શ્રાવણ સુદ ૧૩, બુધવાર, તા. ૯-૮-૯૫થી શ્રાવણ વદ ૨, રવિવાર, તા. ૧૩-૮-૯૫ સુધી" એમ છપાયું છે, તેને બદલે "શ્રાવણ સુદ ૧૨, મંગળવાર, તા. ૮-૮-૯૫થી શ્રાવણ વદ ૨, શનિવાર, તા. ૧૨-૮-૯૫ સુધી"—એમ સમજવું. પૂજ્ય બહેનશ્રીની જન્મજયંતી રવિવારે નહિ પરંતુ શનિવાર, તા. ૧૨-૮-૯૫ના દિને છે.

## વૈરાગ્ય સમાચાર—

* મુંબઈનિવાસી શ્રી ગુલાબચંદ દેવચંદ શાહ (વર્ષ-૮૮) તા. ૯-૩-૯૫ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે, તેઓ વારંવાર સોનગઢ આવીને પૂજ્ય ગુરુદેવશ્રીની અધ્યાત્મવાણીનો ઘણો લાભ લેતા હતા.

* વાંકાનેરનિવાસી શ્રી મગનલાલ ન્યાલચંદ મહેતા (વર્ષ-૮૯) તા. ૧૩-૩-૯૫ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે.

* ઉમરાળાનિવાસી (હાલ બીલીમોરા) શ્રી બાલુભાઈ ચુનીલાલ મહેતા (વર્ષ-૮૦) તા. ૨૦-૫-૯૫ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે.

* રાજકોટનિવાસી ભાવિની સુરેશભાઈ દફ્તરી (વર્ષ-૨૦) બ્રેઈનહેમરેજથી તા. ૨૯-૫-૯૫ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે.

* ભાવનગરનિવાસી શ્રી સુલોચનાબેન નાગરદાસ ગાંધી (તે શ્રી કાંતિભાઈ મોટાણીના વડીલ બેન) (વર્ષ-૬૬) તા. ૧૭-૬-૯૫ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે. તેઓ વારંવાર સોનગઢ આવીને ઘણો જ લાભ લેતા હતા અને કાયમી સોનગઢ રહેવાની તૈયારી કરી હતી ત્યાં અચાનક સ્વર્ગવાસ પામ્યા છે.

* બીલખાનિવાસી (હાલ મુંબઈ) શ્રી મનોજભાઈ ધીરજલાલ ગાઠાણી (તે શ્રી હિંમતભાઈ મધીયાના મોટા જમાઈ) (વર્ષ-૩૮) તા. ૨૫-૬-૯૫ના રોજ ટૂંકી બિમારીથી સ્વર્ગવાસ પામ્યા છે.

* મુંબઈનિવાસી શ્રી લલિતાબેન જયંતીલાલ મહેતા (વર્ષ-૮૦) તા. ૨૭-૬-૯૫ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે. તેઓ ઘણો સમય સોનગઢ સ્થાયી રહીને ઘણો લાભ લેતા હતા.

* ઘાટકોપરનિવાસી શ્રી રજનીભાઈ મગનલાલ સુંદરજી મહેતા (વર્ષ-૫૬) તા. ૮-૭-૯૫ના રોજ જર્મનીમાં હાર્ટ ફેઈલ થવાથી સ્વર્ગવાસ પામ્યા છે. તેઓ સ્વભાવે સરળ, સેવાભાવી અને તત્ત્વજિજ્ઞાસુ હતા. સોનગઢ પોતાનું મકાન બનાવીને મોટો ભાગ નિવૃત્તિપૂર્વક સોનગઢ જ રહેતા હતા. ઘાટકોપર મંડળમાં તેઓ ઉત્સાહી કાર્યકર હતા. દરેક પ્રતિષ્ઠા મહોત્સવમાં પંચકલ્યાણની વિધિમાં તેઓ ખૂબ જ સેવા આપતા હતા.

રાજકોટનિવાસી શ્રી વિનોદરાય કાનજીભાઈ કામદાર-પરિવારના સૌજન્યથી

કહાનગુરુ-અધ્યાત્મતીર્થ શ્રી સુવર્ણપુરીમાં ઉજવવામાં આવશે

# 卐 ૮૨મો બહેનશ્રી-ચંપાબહેન-જન્મોત્સવ 卐

[ તા. ૮-૮-૯૫ થી તા. ૧૨-૮-૯૫ ]

ક્રમબદ્ધ જેવા અતિ માર્મિક સિદ્ધાંતના હાર્દ પ્રકાશક, નિશ્ચય–વ્યવહાર અને ઉપાદાન–નિમિત્તનું સ્વરૂપ સમજાવનાર, પુરુષાર્થની પ્રેરણામૂર્તિ, અધ્યાત્મયુગપ્રવર્તક, મુમુક્ષુ સમાજના પરમ તારણહાર, અનંત–ઉપકારમૂર્તિ પૂજ્ય ગુરુદેવશ્રીનાં ઉપકાર–મહિમાનું જીવનભર સ્મરણ કરનાર અને સ્મરણ કરાવનાર ભક્તશિરોમણિ પ્રશમમૂર્તિ પૂજ્ય બહેનશ્રી ચંપાબહેનની ૮૨મી મંગલ જન્મજયંતી ( શ્રાવણ વદ બીજ ) રાજકોટ નિવાસી શ્રી વિનોદરાય કાનજીભાઈ કામદાર-પરિવારના સૌજન્યથી ભક્તિભાવપૂર્વક અતિ આનંદોલ્લાસ સહ સુવર્ણપુરીમાં ઉજવવામાં આવશે. જન્મ-જયંતીનો આ મંગલ મહોત્સવ મંગળવાર, તા. ૮–૮–૯૫ થી શ્રાવણ વદ બીજ, શનિવાર તા. ૧૨–૮–૯૫—પાંચ દિવસ સુધી 'શ્રી ચૌંસઠઋદ્ધિ મંડલ વિધાન પૂજા', પૂજ્ય ગુરુદેવશ્રીનાં અધ્યાત્મરસપૂર્ણ ટેપ–પ્રવચન, બહેનશ્રીની વિડિયો ધર્મચર્ચા, આદરણીય પં. શ્રી હિંમતલાલભાઈ જે. શાહ દ્વારા પૂજાભક્તિ, પુરુષો માટેનો શિક્ષણવર્ગ, યાત્રાની વિડિયો દ્વારા કહાનગુરુદર્શન તેમ જ અન્ય આહ્લાદકારી રોચક કાર્યક્રમપૂર્વક ઉજવવામાં આવશે.

આ આનંદકારી મંગલ મહોત્સવની ભવ્ય નિમંત્રણ–પત્રિકાની લેખનવિધિ તા. ૧૬–૭–૯૫ રવિવારના રોજ રાખવામાં આવશે.

પૂજ્ય બહેનશ્રીના આ મંગલમય જન્મોત્સવનો અનુપમ લાભ લેવા પધારવા મુમુક્ષુસમાજને શ્રી વિનોદરાય કાનજીભાઈ કામદાર–પરિવાર તરફથી હાર્દિક નિમંત્રણ છે. સમાગત મહેમાનો માટે આવાસ–ભોજન વ્યવસ્થા નિઃશુલ્ક રાખવામાં આવી છે.

—શ્રી દિ. જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ, સોનગઢ

## સોનગઢ આવવાની ટ્રેઈન સંબંધી સૂચના:–

* મુંબઈથી રાત્રે ઉપડતા સૌરાષ્ટ્ર-મેઇલને સુરેન્દ્રનગરથી ભાવનગર માટેના મેઇલનું કનેકશન તા. ૧-૭-૯૫ થી બંધ કરવામાં આવેલ છે. (મુંબઈ) બાંદ્રાથી બપોરે ઉપડતી સૌરાષ્ટ્ર-જનતાને જ ભાવનગર-મેઇલનું કનેકશન સુરેન્દ્રનગરથી મળશે જે સોનગઢ સવારે ૧૦।। વાગે પહોંચાડશે. સૌરાષ્ટ્ર-મેઇલને અમદાવાદથી સવારે ૭ વાગે ઉપડતી અમદાવાદ-ભાવનગર ઇન્ટરસીટીનું કનેકશન આપવામાં આવ્યું છે. ઇન્ટરસીટી સોનગઢ ઊભી રહેતી ન હોવાથી શિહોર (૧૨ વાગે) ઉતરવું પડે છે, માટે ટિકિટ શિહોરની (વાયા-અમદાવાદ-ધંધૂકા) લેવી.

સંપાદક : નાગરદાસ મોચરદાસ મોદી
તંત્રી : હીરાલાલ ભીખાલાલ શાહ
પ્રકાશક : શ્રી દિ. જૈન સ્વા. મંદિર ટ્રસ્ટ
સોનગઢ–૩૬૪૨૫૦

If undelivered please return to :-
Shree Dig. Jain Swadhyay Mandir Trust
SONGADH-364 250 (INDIA)

Licence No. 21 'Licensed to
Post without prepayment'

મુદ્રક : જ્ઞાનચંદ જૈન
કહાન મુદ્રણાલય, સોનગઢ
આજીવન સભ્ય ફી : ૧૦૧/–
વિદેશ માટે (સી-મેઇલથી) રૂા. ૨૦૧/–
વાર્ષિક લવાજમ : રૂા. ૯/–
વિદેશ માટે (સી-મેઇલથી) રૂા. ૧૮/–
[ વિદેશ માટે એર-મેઇલથી મંગાવવા માટે
વાર્ષિક રૂા. ૧૬૮/– પોસ્ટેજના અલગ ]

... M. Ajmera
No. 2, Sita Burdy,
NAGPUR-440012